# અધ્યાત્મ

વર્ષ ૧૦   ઓગસ્ટ ૧૯૮૯   અંક ૧૧



## * સદ્ભાવભરી ભેટ *

પ. પૂ. ગુરુદેવ અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી અધ્યાત્મને સદ્ભાવભરી ભેટનો પુનિત પ્રવાહ ચાલ્યાં કરે છે. એમાં કેટલાક સાધક ભાઈ બહેનો અધ્યાત્મને પોતાના પરિવારના સભ્ય સમાન ગણી, નિયમિતરૂપમાં સહાય મોકલતા રહે છે, તો કેટલાક જીવનના શુભ પ્રસંગોએ અધ્યાત્મને ભૂલ્યા સિવાય ભેટ મોકલાવે છે. અમે તે સહુના ખરેખર ઋણી છીએ. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂા.
૧૫૧ એક મોરબીના વિદ્યાર્થી તરફથી મનોકામના પૂર્ણ થતા.
૫૧ શ્રીમતી ભાનુબેન જોષી, પોરબંદર.
૫૦ રામદાન નારણદાન મીસણ, મોરબી.
૧૦ શ્રી ધીરજલાલ શાહ, મુંબઈ.
૧૨૩ શ્રી જીતેન્દ્ર પી. મિસ્ત્રી, કડીપાણી. પત્ની તથા પુત્રના જન્મદિન નિમિત્તે.
૧૧ શ્રી વીણાબેન ઠાકોરભાઈ દેસાઈ, સુરત.
૨૫ શ્રી વિશ્વનાથ જટાશંકર દવે, મુંબઈ, પરદેશ ગમન નિમિત્તે.
૨૧ શ્રી જયાબેન રમણિકલાલ ઠક્કર, ભાવનગર—ભાઈ અજયના લગ્ન નિમિત્તે.
૧૧ ભાવનગરનાં એક સાધકબેન તરફથી.
૩૨ શ્રી ગિરીશભાઈ બી. અગ્નિહોત્રી, સુરત.
૫૧ ,, હરિવદન મણિલાલ તલાટી, ડાકોર.
૫ ,, દીલિપકુમાર મંગુભાઈ પંડ્યા, ,,
૧૧ ,, ભીખાભાઈ નરહરિ શાહ, ,,
૧૧ ,, મદનલાલ અમીરચંદ અરોરા ,,

[વધુ અંદરના પાને]



પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી
[જન્મ : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧ નિર્વાણ : ૧૮-૩-૧૯૮૪]

## મુક્ત છું

મારી મુક્તિ મરણ પછી નથી મળવાની;
એ તો જીવન દરમ્યાન જ,
અહીં અને અત્યારે જ, મળેલી છે.
મળેલી છે એમ કહું એના કરતાં
મારી સાથે છે, સંગિની કે સહચરી છે એવું કહું
એ ઉચિત લેખાશે.
હું મુક્ત જ છું.
મુક્ત હતો ને મુક્ત છું.
મરણાન્તરે તમને મેળવવાનો મનોરથ
મેં કદાપિ નથી સેવ્યો.
તમને જીવન દરમ્યાન જ,
અહીં અને અત્યારે જ મેળવવાનો મારો સંકલ્પ હતો.
તમારા અલૌકિક અનુગ્રહથી એનીપૂર્તિ અથવા સિદ્ધિ થઇ છે.
તમે મને મળ્યાં એવું કહું એના કરતાં
આપણે મળેલાં જ હતાં, સદાનાં સાથી હતાં એવું કહું
એ અધિક ઉચિત લેખાશે.
આપણે એક જ હતાં,
સ્વેચ્છાથી બે બનેલાં તો પણ
અંદરખાને એક જ હતાં.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રીનાનુરામદુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન**
- 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર– ૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| "બિનુ હરિકૃપા મિલે નહિ સન્તા" | નારાયણ હ. જાની | ૧૩ |
| ગુરુપૂર્ણિમાની ઉજાણી | તંત્રી | ૨૦ |
| પરમ સમીપે (૨) | કલ્યાણ | ૨૪ |
| સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું? | યોગેશ્વરજી | ૩૬ |
| यज्ञानां जपयज्ञोऽस्मि | સ્વ. પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઈ | ૪૧ |
| ક્યારે? | ડૉ. રણજિત પટેલ | ૫૪ |
| સંત શ્રી તેજાનંદ સ્વામી | કનૈયાલાલ ઝિંઝુવાડિયા | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૦ ઓગસ્ટ–૧૯૮૯ અંક : ૧૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

**તા. ૨૩–૯–૮૦ મંગળવાર ભાદરવા સુદ ચૌદશ.**

સ્થળ:–સિવિલ હૉસ્પીટલ ભાવનગરનો સ્પેશિયલ વોર્ડ.

આજે જરા શરીર થાક અનુભવતું હોઈ નિત્યક્રમમાં મોડી પડી. ખૂબ ઝડપથી સ્નાન વગેરે પતાવી, ગ્લુકોઝનો બાટલો ચઢાવવાની સેવામાં હાજર થઈ જવાયું.

લગભગ નવ વાગ્યે બાટલો પૂરો થયો. માતાજીના હાથને સતત પકડી રાખવાની ક્રિયા (એક જાતનું આસન જ કહો ને!) પૂરી થઈ. લગભગ સાડાનવે વડોદરાથી માતાજીના ભાઈ શ્રી રમણભાઈ મળવા આવી પહોંચ્યા. પણ માતાજીનું શરીર સ્વચ્છ કરવાનું હતું; વળી ડ્રેસીંગ પણ બાકી હતું એટલે તેઓને (માતાજીના ભાઈ હતા છતાં) બહાર બેસાડવામાં આવ્યા.

સાડાદશે ડ્રેસીંગ વગેરે પત્યુ એટલે બહાર બેઠેલા.

દર્શનાર્થીઓમાં માતાજીના ભાઇ હતા તેમને બોલાવ્યા. માતાજી લાગણીવશ થઇ ગયાં. માતાજીના ભાઇ માતાજીને પૂછે છે:–

"બેન, સેવાચાકરી બરાબર થાય છે ને?"

માતાજી:–આવી સેવા તો પેટની સગી દીકરીએ ના કરે. બહુ સારી રીતે સેવા થાય છે. બંને જણ (મહાત્માજી અને સર્વેશ્વરી) રાતદિવસ ખડે પગે ઊભાં રહે છે. અહીં મારે નહતું આવવું, પણ આવી તે સારું થયું. મારી ખૂબ સારી સેવા થાય છે.

તે દરમ્યાન ઓરડામાં પૂ. શ્રીની આજ્ઞાથી ભાઇલાલભાઇ બહાર બેઠા હતા તે અંદર પ્રવેશ્યા.

પૂ. શ્રીની આંખમાં આંસુ હતાં. પૂ. શ્રીએ આંખમાં આંસુ સાથે માતાજીના ઉપરના શબ્દો ભાઇલાલભાઇને કહી બતાવ્યા.

ભાઇલાલભાઇ એ સાંભળી કહેવા લાગ્યા કે "તમારી આંખમાં આંસુ?"

પૂ. શ્રી:–પ્રસન્નતાના આંસુ છે. આ જીવને હું માતાજી તરીકે નથી જોતો, પણ ત્રીસ વરસથી મારી સાથે રહેલો જીવ છે. એ જીવ સર્વ. પ્રકારના પૂર્વગ્રહોથી મુક્ત થઇ રહ્યો છે તે જોઇ મને સંતોષ થાય છે. મારે આ જીવની સદ્દગતિ કરવાની હતી અને હવે થઇ છે.

પૂ. શ્રી:–(શ્રી નારાયણભાઇને) મારી માંદગી દરમ્યાન એમની (સર્વેશ્વરીની) સંસારમાંથી મુક્તિ થઇ અને જગદંબાએ આ નવી ભૂમિકા ઊભી કરી. માતાજીની માનસિક ભ્રાન્તિમાંથી મુક્તિ કરી.



માતાજીને મળીને શ્રી રમણભાઇ બહાર બેઠા. થોડીવારમાં ડોક્ટરો–સર્વશ્રેષ્ઠ ડોક્ટરોની હારમાળા શરૂ થઇ, જેમાં ડો. ભરતભાઇ ત્રિવેદી, ડો. ગાંધી, ડો. પોપટ વિ.નો સમાવેશ થાય છે.

ડોક્ટરો નિર્ણય લે છે. દરરોજના ચાર બાટલા ગ્લુકોઝ માતાજીને આપવો અથવા નાકમાંથી હોજરી સુધી નળી નાંખવી.

ડોક્ટરોના આ બે નિર્ણયોમાંથી એક નિર્ણયને પૂ. શ્રીએ પસંદગી આપવાની હતી. પૂ. શ્રી નળી માટે સંમત ન હતા.

પૂ. શ્રીએ તરત જ મારી પાસે પેન અને કાગળ માગ્યા. પરમશક્તિનો અભિપ્રાય (આજ્ઞા) માગ્યા.

પરમશક્તિએ આદેશ આપ્યો:–હવે બીજો રસ્તો નથી. ભલે કરો, એવું નાકથી ખાવાનું પીવાનું ભલે કરો, ભલે કરો.

**૨૩–૯–૮૦ મંગળવાર સવારે ૧૦–૦૦.**

તરત જ હંમેશની જેમ પૂ. શ્રીએ પરમશક્તિની ઇચ્છામાં પોતાની ઇચ્છા ભેળવી પરમશક્તિના નિર્ણય સાથે સમંત થઇ ડોક્ટરને કહ્યું, "હા, હવે ભલે નળી નાંખો."

અને સાચે જ થોડીવારમાં માતાજીના નાકથી હોજરી સુધી પહોંચે એ રીતે નળી નાંખી દેવામાં આવી. નળીથી પ્રવાહી ખોરાક શરૂ થયો અને આજે એક નાનો ગ્લાસ દૂધ એમને નાકથી આપવામાં આવ્યું.

માતાજીને નળી નાંખતાં ખૂબખૂબ સમજાવવામાં આવ્યાં. નાના બાળકની સાથે પૂ. શ્રી કામ લેતા હોય તેમ વારંવાર આખા દિવસમાં સમજાવવામાં આવ્યું.

બપોરે ફરીથી ચાર વાગ્યે ૩૦૦ શીશી ખોરાકમાં દોઢ ગ્લાસ દૂધ, વિટામીન પાવડર સાથે ભેળવીને ખાસ કાચની ઇન્જેક્શન જેવી નળી પેલી રબ્બરની નળી (જે નાકમાંથી જતી હતી તેની) સાથે જોડીને આપવામાં આવ્યો.

ત્યારબાદ દરરોજના ક્રમ પ્રમાણે આખા શરીરે માતાજીને નારાયણતેલનું હળવે હાથે મેં માલીશ કર્યું.

ગઇકાલે રાત્રે અમે મોડા નાસ્તો કરવા બેઠા ત્યારે પૂ. શ્રીએ સામેના ક્વાર્ટસમાં મોટેથી કેસેટ વાગતી હતી તે ધીમી કરવાની સૂચના શ્રી બાલુભાઇ મારફત આપી. મેં વિરોધ નોંધાવતાં કહ્યું કે, "દરેકને પોતાના ઘરમાં રેડિયો વગાડવાની સ્વતંત્રતા છે. હમણાં જ બંધ થઇ જશે. શા માટે કહેવા જવું છે? એનાં કરતાં પહેલાં એ જાણી લઇએ કે એ કેસેટ ક્યારે પૂરી થનાર છે?" મારા આ અભિપ્રાય સાથે પૂ. શ્રી અસંમત હતા. તેઓશ્રીનું મંતવ્ય હતું કે આ હોસ્પીટલનું મેદાન છે. જેથી દર્દીની શાંતિ માટે મોડી રાત્રે તેઓએ મોટેથી કેસેટ વગાડવી જ ન જોઇએ ને?

પૂ. શ્રીની વાત સાચી હતી. પણ મારા આટલા સામાન્ય વિરોધી અભિપ્રાયની પૂ. શ્રી ઉપર શી અસર થઇ તે એઓશ્રી નાસ્તો કરતાં કરતાં કહેવા લાગ્યા.

તમે મારી સાથે રહેવા આવ્યાં તે પહેલાં મારી કોઇ વાતનો વિરોધ કરતાં ન હતાં અને હવે તમે થોડો પણ વિરોધી અભિપ્રાય દર્શાવો છો તો મને હૃદય ઉપર અસર થાય છે. જે આપણને ખૂબ પ્રિય હોય તેની ઇચ્છામાં આપણી ઇચ્છા ભેળવી દઇએ તો જ સાચું સમર્પણ થયું ગણાય. વળી જે મને ખૂબ પ્રિય હોય તે મારો જરા સરખો પણ વિરોધ કરે તો પણ



મારે માટે તે અસહ્ય બને છે. નારાયણભાઇ કોઇ દિવસ આ રીતે વિરોધ દર્શાવતા નથી. જોકે સંસારીઓના ઘરમાં એવા વિરોધો- ઉગ્ર વિરોધો મતભેદો ચાલ્યા જ કરે, પણ મારી બાબતમાં આવું છે.

આ વાક્યો પાછળ મારા શબ્દોની ગંભીરતા મને તરત જ સમજાઇ ગઇ. હજીપણ આ વિરાટ વ્યક્તિત્વને સમજવામાં હું ઘણી પાછળ છું એવું મને સ્પષ્ટ ભાન થયું. જેમ પૂ. શ્રી પોતાની ગમે તેવી વિચારસરણિ હોય પણ પરમશક્તિ જે કહે તેને સંપૂર્ણ રીતે માન્ય કરે છે. પોતાની ઇચ્છાને પરમશક્તિની ઇચ્છામાં ભેળવી દઇ પોતે તો સંપૂર્ણ સમર્પણ કરે જ છે. કર્યું જ છે ને કરશે.

પોતાના જીવનમાં સર્વશ્રેષ્ઠ શરણાગત ભાવદ્વારા પરમશક્તિને સંપૂર્ણ સમર્પણ કરીને જગતને બતાવે છે, જગતને ઉપદેશ આપે છે કે સંપૂર્ણ સમર્પણનો શ્રેષ્ઠ નમૂનો મારા જીવનમાં તમે જોઇ શકો છો. જીવન એજ પૂ. શ્રીનો સંદેશ છે. પૂ. શ્રીનું જીવન જ સર્વશ્રેષ્ઠ આદર્શ સંદેશારૂપ છે.

રાત્રે ફરી આઠ વાગ્યે ૩૦૦ શીશી દૂધ, દવા નળીદ્વારા આપવામાં આવ્યું. ત્યાંજ ડો. પોપટ તેમના પત્ની સાથે આવી પહોંચ્યા; અને માતાજીની સતત સંભાળ રાખતાં રાખતાં સત્સંગ શરૂ થયો.

આજના સત્સંગમાં પૂ. શ્રી તથા ડોક્ટર પતિપત્ની તથા વડોદરાથી આવેલા માતાજીના શ્રી રમણભાઇ હતાં.

ગઇકાલે જે વિષય અધૂરો રહ્યો હતો તે લુશાકાના ઈશ્વરભાઇ વિશે સંપૂર્ણ વાતો કરી સર્વેશ્વરીના પિતાજી ઉપર તેમણે લખેલો પત્ર આજે શ્રી ભાઇલાલભાઇને ત્યાં ફોટો

કોપીરૂપે હતો તે મંગાવીને આપ્યો. આજનો સત્સંગ સવાઆઠથી નવ સુધી ચાલ્યો. નવ વાગ્યે સૌ વિદાય થયા.

મોડેથી અમે નાસ્તો દૂધ વગેરે લઇ આરામનો વિચાર કરતાં હતાં ત્યાંજ માતાજીથી લઘુશંકા પથારીમાં જ થઇ ગઇ જેથી એ સાફ કરતાં એમને કપડાં બદલાવતાં સાડાદશ થઇ ગયા. ત્યાં વળી પાછા દશ મિનિટમાં એજ બાબતનું પુનરાવર્તન થયું. જેથી રાત્રે સાડા અગિયારે એ કાર્યમાંથી મુક્તિ મળી. આરામ કર્યો. ફરી દોઢથી બે અને મળસ્કે સાડાત્રણથી પથારીમાં જ લઘુશંકા થઇ જતાં ફરી એજ બાબત સફાઇનું કાર્ય ચાલુ રહ્યું.

પૂ. શ્રી આજે સતત જાગ્યા હોવાથી ચાર વાગ્યા પછી આરામ કરે છે. દરમ્યાન આ રોજનીશીના પૃષ્ઠોનું લેખન કરતાં કરતાં હાલ માતાજીની સેવામાં સર્વેશ્વરી બેઠાં છે.

માતાજી પેશાબ ઉપરનો સંયમ ઘણીવાર ગુમાવી દઇને આ રીતે પથારી બગાડવાનું કાર્ય આજકાલ કર્યા કરે છે. એટલે સાથે રહેનારનો કાર્યભાર વધી જાય છે.

અત્યારે બન્ને આરામ કરે છે. બન્નેની પથારી પલંગ ઉપર છે. સર્વેશ્વરી માતાજીના પલંગની છેક નજીક એક ખુરશી ઉપર બેસીને આ લેખનકાર્ય કરતાં કરતાં માતાજીની સંભાળ રાખી રહ્યાં છે. હોસ્પિટલના આ વોર્ડમાં હોસ્પિટલનો એક મોટો પલંગ તો છે જ. વળી પૂ. શ્રી અને સર્વેશ્વરી માટે બે ફોલ્ડીંગ પલંગો રોજ રાતે રૂમમાં મૂકી દેવાય છે. સવારે સર્વેશ્વરીનો પલંગ બહાર મૂકી દેવામાં આવે છે, કારણકે રૂમ ઘણો નાનો છે. વળી દિવસે જે ત્રણ ખુરશીઓ રૂમમાં રાખવામાં આવે છે તે પણ રાત્રે બહાર જ મૂકી દેવામાં આવે છે.



તા. ૨૪ ના સવારે–મળસ્કે ચારથી આ ડાયરી લેખન સર્વેશ્વરી કરીને શાંતિથી જપ કરતાં ખુરશી ઉપર બેઠાં છે. આમ તા. ૨૩ ની ડાયરી લેખનની પ્રવૃત્તિ પૂર્ણ બને છે.

**તા. ૨૪–૯–૮૦ બુધવાર ભાદરવા સુદ પૂનમ ૨૦૩૬**
**સમય : બપોરે ૧૨–૩૦**

આ રોજનીશીની આજની નોંધ લખવા બેઠી ત્યાંજ માતાજીને પિશાબની તકલીફ શરૂ થઇ તે છેક પાંચ વાગ્યા સુધી ચાલુ રહી. તેથી આજે આખા દિવસમાં શાંતિથી નોંધ કરવાનો સમય ન રહ્યો, જેથી આજે છેક રાત્રે દશ વાગ્યે નોંધ શરૂ થાય છે.

માતાજી હમણાં જ બે કલાકની ઊંઘ લઇને થાકી ગયાં છે. તેમની લઘુશંકાની સેવા કરી દીધી છે. પૂ. શ્રી ડોક્ટર નર્સ સાથે વાતો કરી રાજેશભાઇ સાથે બારણું ખુલ્લું હોવાથી, થોડી વાતો થાય છે. સર્વેશ્વરી નોંધ લખે છે.

આજે મહત્ત્વની નોંધ આ રહી:–

માતાજીને નળી વાટે નિયમિત ખોરાક આપવા દશ વાગ્યે નર્સ આવી ત્યારે દૂધનો પ્યાલો પકડીને હું પલંગના ઓશીકા તરફ ઊભી હતી તે પ્યાલામાંથી દૂધ નળીમાં નાંખવામાં આવતું હતું.

માતાજી કહેવા લાગ્યાં, "સરોજ ક્યાં ગઇ? આ બધા શું કરે છે?"

આ શબ્દો સાંભળતાં જ હું તરત જ પ્યાલો લઇને માતાજીની પાસે પલંગ ઉપર બેસી ગઇ. માતાજીને સમવાવ્યું કે આ નળીમાંથી દૂધ રેડવામાં આવે છે.

માતાજી:–"તમે આગ્રહ કરીને આ નળી કઢાવી નાંખજો. ગળામાં વેદના થાય છે. આ ગળામાં દિવાલ બંધાઇ ગઇ છે. વગેરે."

વળી આજે તો સવારે ૧૦ પછી ફોટોગ્રાફરભાઇ આવ્યા. ત્રણ ફોટા માતાજીના પાડી ગયા.

આજે સવારે વલ્લભવિદ્યાનગરથી શ્રી હરીશભાઇ અને એમનાં ધર્મપત્ની માતાજીની ખબર કાઢવા આવ્યાં છે. તેઓ દશ વાગ્યા પછી માતાજીના ભાઇ બેઠા હતા ત્યારે દૂરથી દર્શન કરીને બહાર બેઠાં.

સાંજે છ વાગ્યે શ્રી બકુભાઇ શેઠ મળવા આવે છે. પૂ. શ્રી તેમને અંદર લઇ આવે છે. ત્યારે હું માતાજીને પાણી આપતી હોઉં છું.

માતાજી આજે મારા ગળા ઉપર હાથ રાખીને કહેવા લાગ્યાં : "તું મને છોડીને જઇશ નહીં. મારી સાથે જ રહેજો. તમે બન્ને સાથે રહેજો."

સર્વેશ્વરી:–તમારી સાથે જ છીએ.

પૂ. શ્રી:–અમે બન્ને ચોવીસ કલાક તમારી સાથે ને પાસે જ છીએ.

એજ રીતે રાત્રે ૮ વાગ્યે ડો. કોઠારી આવે છે. તેમની હાજરીમાં હું સહેજ દૂર ઊભી હતી. માતાજીએ મને ઇશારો કરીને બોલાવી. હું પાસે ગઇ. માતાજી : બેન, અહીં મારી પાસે જ બેસ.

અને અંતે હું એમના પલંગ ઉપર બેઠી ને બન્ને હાથ ઉપર ધીમેથી હાથ ફેરવવી લાગી. એથી થોડી જ મિનિટોમાં માતાજી ઊંઘી ગયાં.



ડો. કોઠારી પછી થોડી જ વારમાં ડો. પોપટ તેમનાં પત્ની સાથે પધારે છે. સત્સંગની વાતો શરૂ થાય છે; જેમાં પૂ. શ્રી ઝામ્બીયાના શ્રી ઈશ્વરભાઇની, કપૂરામાં સર્વેશ્વરીનાં માનની, સરોડામાં પૂ. શ્રીની પોતાની ઝામ્બીયા જતાં એરહોસ્ટેસની વાતો કરે છે.

ડો. પોપટ પણ કહે છે:–

"સમાજમાં ઘણીવાર દર્શન થાય છે. તે ભૂલાતા નથી. બાંટવા જિ. જૂનાગઢ કેમ્પમાં એક સાકરબા નામે વૃદ્ધા આવ્યાં હતાં. નિરાશ્રિતોની સેવા ખૂબ પ્રેમથી કરતાં. ઘણીવાર તે સૌને ઉલ્ટીની શરૂઆત થતી તો પોતાના બન્ને હાથનો ખોબો ધરીને દર્દીને મદદ કરતાં. વાસણ લેવા જતાં મોડું થાય તો! કેવી ભાવના!"

પૂ. શ્રી કહે છે:–હા! સમાજમાં ઘણા એવાં દર્શનો થાય છે. વાતો આગળ ચાલી રહી છે. જેમાં પૂ. શ્રીનાં નીચેનાં વચનામૃતો નોંધપાત્ર હતાં.

"જીવ જ્યાં હતો ત્યાં મૂકી દો. ભવાટવીમાં ભટકવા નીકળેલો હવે મૂકી દો પાછો જ્યાં હતો ત્યાં."

(દૂધના પાવડરની શીશી ટેબલ ઉપરથી ડોક્ટરો જોવા લે છે તેને ફરી ટેબલ ઉપર મૂકવા પૂ. શ્રી નારાયણભાઇને કહે છે અને ઉપરનાં વાક્યો ઉચ્ચારે છે.)

અહીં ખુરશીમાં બેઠા છે તો પણ સાધના ચાલતી રહેતી. જ્યાં રહીએ તે મંદિર થઇ જાય. પળેપળ આવી નાની નાની બાબતોમાં પણ સ્વમાં (પોતાની જાતમાં) સ્થિર રહેતાં શીખવાનું છે.

"અભ્યાસથી એ સાધના શક્ય બને છે. અભ્યાસથી મંગળમાં, સૂર્યમાં ભલે જવાય, પરંતુ પોતાની અંદર ઉતરવું ખૂબ કઠિન છે."

"ચંદ્ર ઉપર કે મંગળના ગ્રહ ઉપર પથરા માટી શોધવા માણસ જાય છે તો આ મંગળરૂપી શરીરનો ઉપગ્રહ પાસે જ છે, પણ તેમાં ઉતરવું એને ઘણું કઠિન લાગે છે."

જે અખંડ એકધારો એની પાછળ લાગે છે, તે ગમે ત્યાં બેસે પણ સતત–ચોવીસ કલાક પ્રભુના ધ્યાનમાં રહી શકે.

"જ્ઞાની જ્ઞાન તણો દોર કદી ચૂકે નહીં રે. વિ...."

આજે મહત્ત્વની નોંધ આજ હતી. નિયમિત ભોજન ને સાંજે નાસ્તા જેવું લઇ લીધું. ડાયરીની નોંધ પૂરી કરી. પોણા અગિયાર વાગી ગયા. વચ્ચે માતાજીને પેશાબ–ઝાડાની તકલીફ થઇ તેની સેવા કરી. હરિ ૐ. ☐


**અંબાજીમાં ક્યાં ઉતરશો ?**

" સ્વર્ગારોહણ "

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯

(ઉ.ગુ.) ૩૮૫ ૧૧૦




# "બીનુ હરિકૃપા મિલે નહિ સન્તા"

નારાયણ હ. જાની

### ભગવાને જ મેળવી આપ્યા

અમારી અમેરિકા અને કેનેડાની યાત્રા પછી અમારે પૂ. મા સાથે ઇંગ્લેંડ જવાનું થયું. પહેલી સપ્ટેમ્બર ૧૯૮૮ ના રોજ અમે લંડનના હિથરો એરોડ્રોમ પર પદાર્પણ કર્યું. અહીં અમારો કાર્યક્રમ ખાસ કરી રગ્બીના શ્રી કલ્યાણ પ્રાર્થના મંદિરના અગ્રગણ્ય કાર્યકર શ્રી અંબાલાલભાઇ મિસ્ત્રી અને બીજા ભાવિક ભાઇબહેનોના આગ્રહપૂર્ણ આમંત્રણને લઇને જ થયેલો.

અહીં અમારી પાસે પંદર દિવસજ હતા. તેમાંથી એક અઠવાડિયું રગ્બીમાં સત્સંગમાં ક્યાં વીતી ગયું એની ખબર જ ન પડી.

તે પછી બોલ્ટન થઇ અમારે ત્રણ દિવસ માટે પૂ. શ્રીના અનન્ય ને શ્રદ્ધાળુ ભક્ત શ્રી દયારામભાઇ મિસ્ત્રીને ત્યાં રોકાઇ, લેસ્ટરમાં સ્વ. શ્રી દ્વારકાદાસભાઇ પબારીનાં ધર્મપત્ની મંગળાબેનને ત્યાં જવાનું હતું.

બોલ્ટનમાં પૂ. માના સત્સંગનો કાર્યક્રમ માત્ર બે દિવસ માટે ત્યાંના હિન્દુ મંદિરમાં હતો. જૂનું ચર્ચ ખરીદીને તેમાં અહીં ભગવાનનું સુંદર મંદિર બનાવવામાં આવ્યું છે. ભારતથી પ્રભુની સુંદર મૂર્તિઓ મંગાવી અહીં પધરાવવામાં આવી છે ને પૂજારી તરીકે પણ ગુજરાતના પાટણના એક યુવાન ગૃહસ્થી

ભાઈની નિમણુંક કરવામાં આવી છે. આ ભાઈ સંસ્કૃત સારૂં જાણતા અને મૂર્તિઓની પૂજા વિધિપૂર્વક કરતા લાગ્યા. તે ઉપરાંત અન્ય કર્મકાંડનું જ્ઞાન પણ એમને સારા પ્રમાણમાં લાગ્યું.

આ મંદિરમાં ભગવાન રામ, સીતા ને લક્ષ્મણ ઉપરાંત રાધાકૃષ્ણ ને મા જગદંબાની પ્રતિમાઓ પણ સ્થાપવામાં આવી છે. જૂનું ચર્ચ હોવાના નાતે, અહીંનો હોલ ઘણો સુંદર અને વિશાળ છે, જેમાં ભારતીય બેઠકમાં ઘણાં ભાઈબહેનો સહેલાઈથી સમાઈ શકે.

બોલ્ટન શહેરમાં સાત વર્ષ પૂર્વ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી પૂ. મા સાથે પધારેલા. તે વખતે પૂ. શ્રીનો કાર્યક્રમ બોલ્ટન અને પ્રેસ્ટન બન્ને શહેરોમાં થયેલો. પરંતુ સાત વર્ષો પહેલાંની વાત કેટલાંને યાદ હોય? આટલા લાંબા ગાળા પછી પૂ. માને અહીંની ધરતી ઉપર આવવાનું થતું હતું અને તે પણ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી પહેલીજ વાર. એટલે ખ્યાલ ન હતો કે અહીં લોકોનો પ્રતિભાવ કેવો રહેશે? વળી અહીં માત્ર બેજ દિવસનો કાર્યક્રમ હતો, જે શનિ–રવિની રજાઓ ન હતી.

પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે જ્યારે પૂ. મા સત્સંગના કાર્યક્રમમાં પધાર્યા ત્યારે સમગ્ર હોલ શ્રોતાગણથી ખીચોખીચ ભરાઈ ગયેલો. સત્સંગના પ્રારંભમાં અમારે પૂ. માનો પરિચય આપવો પડતો, કારણ કે એ સિવાય પૂ. મા કોણ છે ને તેઓની તપ–સાધના કેવાં છે એનો ખ્યાલ શ્રોતાગણને શી રીતે આવે! એટલે પંદર વીસ મિનિટ અમે પૂ. માનો પરિચય આપ્યો.



અમારી વિદેશયાત્રામાં સારો એવો શ્રોતાગણ અમને અહીં જોવા મળ્યો. કોઈપણ પ્રકારના ખાસ પ્રચાર વિના આટલા બધાં ભાઈબહેનો અહીં આવશે એવી અમારી ધારણા ન હતી.

બે દિવસનો કાર્યક્રમ અહીં પૂરો કરીને અમે લેસ્ટર થઈ તા. ૧૩–૯–૮૮ ના રોજ શ્રી હર્ષદભાઈ વિ. દવેને ત્યાં લંડનના મીડિલ્સ વિભાગના એજવેરમાં પહોંચ્યા. અહીં સાંજનો બે દિવસનો કાર્યક્રમ સત્સંગનો પૂ. માએ રાખેલો. અમે બપોરે ત્રણેક વાગે શ્રી હર્ષદભાઈને ત્યાં પહોંચ્યા. પૂ. માનું સ્વાસ્થ્ય સારૂં ન હતું અને થોડો પ્રવાસનો થાક પણ હતો. એટલે પૂ. માએ થોડો વખત આરામ કરવા રૂમ બંધ કર્યો.

તે પછી અર્ધા કલાક પછી ટેલિફોનની ઘંટડી રણકી. તે વખતે ફોન ઉપર પૂ. મા સાથે અમેરિકાથી આવેલ શ્રી વિનોદભાઈ પટેલ હતા. સામેથી બોલનાર વ્યક્તિએ કહ્યું કે મારે પૂ. મા સાથે વાત કરવી છે; તેમને ફોન આપો.

શ્રી વિનોદભાઈએ જણાવ્યું કે અત્યારે પૂ. મા આરામમાં છે, એમનું સ્વાસ્થ્ય સારૂં નથી. એટલે તમે કલાક પછી ફોન કરજો.

આમ છતાં એ ભાઈએ આગ્રહ ચાલુ રાખી કહ્યું, "તમે મને ઓળખતા નથી, પરંતુ પૂ. મા મને સારી રીતે ઓળખે છે. મારૂં નામ બચુભાઈ દેસાઈ છે. તમે પૂ. માને મારૂં નામ આપશો, એટલે તેઓ તુરત જ આરામમાંથી ઊઠી ફોન લેશે."

શ્રી વિનોદભાઈને શ્રી બચુભાઈનો આત્મવિશ્વાસ અને હઠાગ્રહ વધુ પડતો લાગવાથી ન ગમ્યો. એમણે ફરી કલાક પછી ફોન કરવા જણાવી, ફોન મૂકી દીધો.

બન્યું એવું કે તે પછી થોડી જ વારમાં પૂ. માએ બારણું ઉઘાડ્યું. એટલે શ્રી વિનોદભાઇએ કોઇ શ્રી બચુભાઇ દેસાઇનો ફોન હતો એમ જણાવ્યું.

પૂ. મા:–તો તમે શું કહ્યું?

"કલાક પછી ફોન કરવા કહ્યું. એમનો હઠાગ્રહ આપના આરામમાં વિક્ષેપ પાડવાનો મને ન ગમ્યો" શ્રી વિનોદભાઇએ ઉમેર્યું.

પૂ. મા:–પણ તેઓ ક્યા નંબર ઉપરથી ફોન કરતા હતા એ પૂછી લીધું કે નહિ?

"ના, મેં એ પૂછ્યું નહિ. પૂછવાનું રહી ગયું."

"એ સારૂં ન કહેવાય. સામેથી માણસ આપણને ફોન કરે ને આપણે કોઇ કારણવશ ન મળી શકીએ તો આપણી ફરજ બને છે કે આપણે તેને ફોન જોડવો જોઇએ. તે માટે એનો નંબર પૂછી લેવો જરૂરી ગણાય."

સદ્ભાગ્યે શ્રી બચુભાઇ દેસાઇએ કલાક પછી ફોન કર્યો તો પૂ. માએ પૂછી લીધું કે તેઓ ક્યાંથી બોલે છે. તેઓ તેમનાં પત્ની સાથે પૂ. માના દર્શને આવવા માંગતા હતા પરંતુ તેમની પાસે ગાડી ન હતી. પરંતુ તેઓ ટ્રેઇનમાં આવી શકે એમ હતા. એથી શ્રી હર્ષદભાઇને પૂ. માએ ફોન આપી કહ્યું કે એમને સમજાવો કે ટ્યુબ રેલ્વેમાં તેઓ ક્યા સ્ટેશને ઉતરે ને તમો તેમને લેવા જવા માટે ક્યાં મળી શકશો. તેમજ કેટલા સમય સુધીમાં તેઓ તે સ્ટેશને આવી પહોંચશે.

ફોન ઉપર વાત પૂરી થઇ તેપછી સમય થતાં એક ગાડી લઇને શ્રી બચુભાઇને લેવા ટ્યુબ સ્ટેશને હર્ષદભાઇને જ



મોકલ્યા.

શ્રી બચુભાઇ દેસાઇ તેમનાં પત્ની સાથે આવ્યા ત્યારે હું ને મારાં પત્ની પૂ. મા પાસે બેઠેલાં હતાં. જે રીતે પૂ. માએ એ ભાવિક દંપતીનું સ્વાગત કર્યું તે જોઇને અમનેય આનંદ થયો. શ્રી બચુભાઇ ખરેખર ભાવિક, પ્રેમાળ ને શ્રદ્ધાળુ ભક્ત લાગ્યા. પૂ. માના ચરણોમાં વંદન કરતાં જ એમની આંખો હર્ષાશ્રુથી ઊભરાઇ આવી.

પૂ. માએ પછી પૂછ્યું "અમે તમને યાદ કરતાં હતાં, પરંતુ તમે હાલ ક્યાં છો તે ખબર નહિ તેમજ તમારૂં સરનામું પણ મારી પાસે ન હતું. એટલે ક્યાં ખબર આપવી એ પ્રશ્ન હતો. પરંતુ ભગવાનની ઇચ્છા હતી તો આપણે મળી શક્યાં. અરે! પણ તમે અમને શોધી શી રીતે કાઢ્યાં, એ તો કહો."

શ્રી બચુભાઇ:–સાચું પૂછો તો આપણને ભગવાને જ મેળવી આપ્યાં છે, તેની ખાત્રી મારી વાત સાંભળશો પછી તમનેય થશે.

વાત આમ બની:–"હાલ હું જ્યાં રહું છું ત્યાં નજીકમાં જ બીજો એક ભારતીય પરિવાર રહે છે. તે ભાઇને ત્યાં ચાર દિવસ પહેલાં એક બહેન બોલ્ટનથી આવી. તેણે મારાં પત્નીને વાતવાતમાં કહ્યું કે પૂ. મા સર્વેશ્વરી નામે એક તપસ્વી સંત બોલ્ટન બે દિવસ આવેલાં તેમના સત્સંગનો સરસ લાભ મળ્યો. તેઓ સરસ ભજનો ગાય છે. તેમની સાથે એક નારાયણભાઇ પણ હતા. પૂ. માના તપ વિષે તેમણે જે વાતો કરી તેનાથી અમો સહુને ખૂબ આશ્ચર્ય થયું. આવું તપ માણસ કરી શકે એવી કલ્પના પણ આપણને તો નજ આવે."

એ બેનને વાત કરતાં અધવચ્ચે અટકાવી મારાં પત્નીએ પૂછ્યું, "શ્રી સર્વેશ્વરીમાનો દેખાવ કેવો છે! તેઓ દૂબળાં પાતળાં તો નો'તાંને!"

"અરે! એકદમ એવાં જ. સફેદ વસ્ત્રો જ પહેરેલાં. તમે એમને ઓળખો છો?"

"હા તેઓ પ. પૂ. મહાત્માત્મા શ્રી યોગેશ્વરજી સાથે આફ્રિકામાં અમારે ત્યાં પધારેલાં ને અહીં ઇંગ્લેન્ડમાં પણ. હાલ તેઓ ક્યાં છે તે તમને ખબર છે?"

પેલાં બહેને માત્ર એટલું જણાવ્યું કે રગ્બીથી તેઓ આવેલાં એટલી મને ખબર છે. મેં મારા પતિને વાત કરી. એઓ રગ્બીના શ્રી અંબાલાલભાઇ મિસ્ત્રીને ઓળખતા હતા. તેમને ફોન કર્યો તો તેમણે લેસ્ટરનાં શ્રી મંગળાબેનનો ફોન આપ્યો ને તેમને ત્યાંથી અમને શ્રી હર્ષદભાઇનો અહીંનો ફોન નંબર મળી ગયો. આમ ભગવાને અમને આપનો મેળાપ કરાવી આપ્યો, ખરૂં કે નહિ?

શ્રી બચુભાઇની વાત ખરેખર અદ્દભુત હતી. અમને તે સાંભળ્યા પછી લાગ્યું કે ખરેખર ભગવાને જ શ્રી બચુભાઇને તેમનાં પત્નીનો સાચો ભાવ જાણી, આ મિલન ગોઠવી આપ્યું. પ્રભુની અદ્દભુત લીલા ઘણીવાર ન સમજી શકાય એવી હોય છે. તે કોને ક્યારે ક્યાં મેળવી આપે એ કોણ જાણી શકે?

પૂ. માએ અમને પછી જણાવ્યું. આફ્રિકામાં ૧૯૭૮ માં પૂ. શ્રી યોગેશ્વરજી સાથે અમારે ઝામ્બિયા જવાનું થયેલું ત્યારે પણ આ બચુભાઇને ત્યાં આમ જ અણધારી રીતે જવાનું થયેલું.

ઝામ્બિયાના એક શહેરમાં અમે જે ભાઇને ત્યાં ઉતરેલા,



તેમને ત્યાં એન્ડોલાથી શ્રી બચુભાઇનો ફોન આવ્યો કે તેઓ એમને ત્યાં આવવાના છે. પેલા ભાઇએ કહ્યું કે અમારે ત્યાં ભારતથી એક સંત પધારેલા છે. એટલે આવો તો સત્સંગનો લાભ મળશે. પહેલાં તો તેમણે આવવા આનાકાની કરી. પરંતુ છેવટે આવવા સંમત થયા. કોઇપણ પૂર્વ પરિચય વગર આમ અચાનક એમને અમને મળવાનું થયું. અને એમણે એન્ડોલા પધારો ત્યારે પૂ. મહાત્માજી અને અમને પોતાને ત્યાં ઉતરવાનું પ્રેમભર્યું આમંત્રણ આપ્યું. એ રીતે એન્ડોલામાં અમે એમનાં મહેમાન બન્યાં. તે વખતે ભગવાને અચાનક જ મેળવી આપેલાં. આ વખતે પણ એવું જ થયું, ખરૂંને બચુભાઇ?

શ્રી બચુભાઇ અને એમનાં પત્નીનો શ્રી મા સાથેના અણધાર્યા મેળાપથી આનંદ અને ધન્યતાનો પાર ન હતો. "બીનુ હરિકૃપા મિલે નહિ સન્તા" એ ખરેખર સાચું લાગ્યું.


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# ગુરુપૂર્ણિમાની ઉજાણી

તંત્રી

વડોદરાના અલકાપુરી વિસ્તારમાં આવેલ અરૂણોદય હોલમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના સ્વરૂપનું ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂજન–ઉપસ્થિત સાધક ભક્તો વતીથી પૂ. શ્રીના વયોવૃદ્ધ અનન્ય ભક્ત શ્રી મૂળશંકરભાઇ જાનીએ કર્યું હતું, જ્યારે યુવાન સાધક શ્રી વિજયભાઇ પુરોહિતે પૂજાવિધિ કરાવી હતી.

ગુજરાતના ખૂણે ખૂણેથી તેમ જ છેક મુંબઇથી પણ સારી સંખ્યામાં સાધક ભાઇબહેનો પૂ. ગુરુદેવ પ્રત્યેના ભાવથી ખેંચાઇ અહીં ઋણ અદા કરવા આવ્યા હતા.

પ્રારંભમાં પ્રજ્ઞાચક્ષુ શ્રી બંસીભાઇએ પ્રાર્થના નિમિત્તે પૂ. ગુરુદેવને પ્રિય એવાં બે સુંદર ભજનો ગાયાં હતાં. શબ્દો હતા: "ગુરુચરણ પ્રીત મોરી લાગી રે, લાગી રે, લાગી રે, સોતીથી મૈં જનમ જનમસે, ગુરુશબ્દસે જાગી રે, જાગી રે," જ્યારે બીજા ભજનના એવા જ ગુરુભક્તિ સભર શબ્દો હતા :–

ગુરુ ગુરુ કરતાં આ જાઓ મારા પ્રાણ,
જાઓ મારા પ્રાણ, દત્તા,
માગું એ દે દાન....

પૂ. મા શ્રી સર્વેશ્વરી તેમજ પૂ. ગુરુદેવના સ્વરૂપનું પ્રથમ પૂજન મા–પ્રભુનાં ભક્ત શ્રી કલ્પુબેન ગાંધીએ કર્યું હતું.



ભજનો પછી શ્રી પૂર્ણિમાબેન તેમજ શ્રી કલોલાભાઇની ધૂનોએ સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક સૌરભ ને ભાવથી ભરી દીધું. તે પછી પૂ. માં શ્રી સર્વેશ્વરી પધારતાં, સર્વે સાધક ભાઇબહેનોએ ઊભા થઇ પૂ. મા તથા ગુરુદેવનો જયઘોષ પોકારી તેઓનું અભિવાદન કર્યું.

તે પછી પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ ગુરૂપૂર્ણિમા નિમિત્તે આપેલ પ્રવચનની ટેપ મૂકવામાં આવી. પૂ. શ્રી ગુરુદેવે આ દિનનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે અષાડી પૂર્ણિમા એ ખરું જોતાં મહર્ષિ વ્યાસનો જન્મદિન છે. ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિના એકમાત્ર ઉદ્દગાતા તરીકે એમનો જન્મદિન ઉજવાય એ યથાર્થ છે. સમય જતાં એ વ્યાસપૂર્ણિમા કહેવાઇ અને છેવટે ગુરુપૂર્ણિમાના પર્વ તરીકે સમાજમાં પ્રચલિત બની.

કોઇપણ પ્રથા, પર્વ કે ઘટના માણસને ઈશ્વરાભિમુખ થવાની પ્રેરણા પૂરી પાડતું હોય તો તેની ઉજવણી સાર્થક છે. પોતાના ગુરુપ્રત્યે આદર વ્યક્ત કરવાનો આ અવસર છે. જે સાચા ગુરુઓ છે તેમની શક્તિ કામ કરતી હોય છે. પછી ભલેને એ ગુરુ ભૌતિક સ્વરૂપે હયાત હોય કે ન પણ હોય.

સાચું પૂછો તો 'આત્મા વૈ ગુરુ:' પોતાનો આત્મા જ માણસનો ગુરુ છે. પરંતુ તેમ કરવામાં મુશ્કેલી પડતી હોય તો બહારના ગુરુ મદદ કરે. પરંતુ માણસે ગુરુ કરવામાં ઉતાવળ ન કરવી જોઇએ. જેને આપણે સમર્પિત થઇ શકીએ એવાને ગુરુ કરી શકીએ.

દીક્ષાગુરુ એક જ હોઇ શકે, શિક્ષાગુરુ ભગવાન દત્તાત્રયની જેમ અનેક હોઇ શકે. સાચા ગુરુ એજ છે જે શિષ્યને

અજ્ઞાનના અંધકારમાંથી પ્રજ્ઞાના પ્રકાશમાં લઇ જઇ શકે.

માણસે એ ખાસ ધ્યાન રાખવું જોઇએ કે જીવન બહુ ટૂંકું છે એટલે પ્રમાદનો પરિત્યાગ કરી આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરદર્શનની સાધનામાં લાગી જવું જોઇએ. આ માટે પોતાની ત્રુટિઓને કઠોરતમ બની દૂર કરીએ ને જીવનને ઉદાત્ત બનાવીએ. આજના દિવસે શુભ સંકલ્પો વડે જીવનને વધુ સત્ત્વશીલ, પવિત્ર, સદ્‌ગુણી ને પરમાત્મ પરાયણ બનાવી, પ્રભુના આશીર્વાદ માંગીએ.

પૂ. શ્રીના વક્તવ્ય પછી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ, પોતાના ૧૯૪૭ દિવસોના એકધારા ઉપવાસો અને છેલ્લે એક મહિનાના એકાંત તથા મૌનવાસમાંથી બહાર આવી ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે સદ્‌ગુરુ જેવી કોઇ અમૂલ્ય પ્રાપ્તિ નથી. તેઓનાં શ્રી ચરણોમાં આપાણું મસ્તક નમાવતાં, પૂજન કરતા આપણે જ પૂજાનું ફૂલ બની જઇએ તો કેવું સારૂં?

ગુરુ જેવો કોઇ મિત્ર નથી. સંસારી શ્રીમંત મિત્રો પણ પોતાના પ્રિય મિત્રને પોતાના જેવો ધની બનાવવા મદદ કરે છે, પરંતુ આધ્યાત્મિક સદ્‌ગુરુ તો પોતાના પ્રિય શિષ્યને પોતાની સર્વશક્તિઓનું પ્રદાન કરી, એને પોતાનાથી સવાયો કરવાના પ્રયાસો કરે છે, પરંતુ તે માટે ગુરુએ પ્રભુને પ્રત્યક્ષ કરેલા હોવા જોઇએ અને શિષ્યે પોતાની લાયકાત કે યોગ્યતા બરોબર કેળવેલી હોવી જોઇએ.

ગુરુ જેવો કોઇ દુશ્મન નથી જે શિષ્યના કામ, ક્રોધ, લોભ, મોહ અને મમતાના મોતિયા ઉતારી અને જીવભાવ ને આસક્તિને મારી, તેને પોતાનો સમોવડીઓ બનાવે છે.

વળી સદ્‌ગુરુ જેવો કોઇ દાતા નથી, કે જે જીવને



બ્રહ્મપદની પ્રાપ્તિ, પરમ શાન્તિ ને સંતોષ આપી શકે. આ વસ્તુઓનું મૂલ્ય કદી કોઇ ભૌતિક પદાર્થોથી આંકી શકાય એમ નથી.

પૂ. માએ આ પ્રસંગે સર્વે ઉપસ્થિત સાધકોને વિનંતી કરી કે તેઓ પૂ. શ્રી સમક્ષ ભેટ મૂકવાને બદલે એ પૈસાનું પૂ. શ્રીએ લખેલ સાહિત્ય ખરીદે ને પોતાના સંબંધીઓ ને મિત્રોમાં વહેંચે. પૂ. માના આ સૂચનોનો સાધકોએ બહુ સારો પ્રતિભાવ આપ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન શ્રી વિજયસિંહ રાણાએ કર્યું હતું.

સર્વે સાધકો માટે મિષ્ટાન્ન ભોજનની સરસ વ્યવસ્થા શ્રી જીતુભાઇ ગાંધી તરફથી કરવામાં આવી હતી.

જીભના દરવાજાને બંધ કરવાના મૌન કરતાં મનના દરવાજા બંધ કરવાનું મૌન ચઢિયાતું છે.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘં. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# પરમ સમીપે (૨)

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

પૂ. માના સાન્નિધ્યમાં એક એક ઘડી રળિયામણી બની રહી છે. આજનું પ્રભાત કોઈને માટે ગમે તેવું ઊગ્યું હોય પણ અમારા માટે તો શું પ્રભાત કે શું સંધ્યા, શું દિવસ કે શું રજની બધું જ દિવ્ય ક્ષણો લઈને પ્રકટે છે. બસ અમારું મંદિર બની ગઈ છે. એટલુંજ નહિ તે કરતાં પણ કંઈક વિશેષ જાણે પરમધામ વૈકુંઠ! કારણકે અહીં તો "પળ પળ તારા દર્શન થાયે, દેખે દેખનહારા રે."

નિત્યના એજ ચિરંતન હાસ્યમંડિત સૌમ્ય સ્વરૂપ સજીને પૂ. મા પધારી ગયાં છે. સૌ દર્શન કરી પ્રણામ કરે છે. પૂ. મા અત્યારે બારડોલીના દેવપુરુષ દવે બાપુને યાદ કરે છે. આજની સપ્તશૃંગી માતાના દર્શનની યાત્રા શ્રી દવે બાપુની શુભ પ્રેરણાથી ગોઠવાયેલી છે. શ્રી દવે બાપુએ છેક બારડોલીથી નાશિક પાસે આવેલા સપ્તશૃંગી માતાના તીર્થસ્થાનની યાત્રા પગપાળા કરી છે. શ્રી દવે બાપુએ પવિત્ર પદયાત્રાઓનો એક ઈતિહાસ સર્જ્યો છે. પ્રભુપ્રેમમાંથી પ્રકટેલી એ પ્રેમયાત્રાઓનાં પ્રેરણા પિયુષ પીવાં હોય તો પહોંચી જજો એ પ્રેમાળ પુરુષના પાવન સાન્નિધ્યમાં. એ પદયાત્રીના આગે ધપતા ચરણોમાં ધરતીમાતાને માપવાનું શૌર્ય નથી, એ પગલે પગલે તો પ્રેમની પરમ જ્યોતિ પ્રકટી રહે છે. શ્રી દવે બાપુ સમજે છે કે આ પ્રેમપંથ પાવકની જ્વાળા છે. અહીં તો



પગલે પગલે અગનખેલ ખેલવાના છે. એ ખેલ એમણે ખેલી જાણ્યા છે. એક શૂરવીર યોદ્ધાની જેમ ઝઝુમ્યા છે. આજે તમે આ પદયાત્રામાં પ્રકટેલી પ્રભુપ્રેમની પ્રેમકથાઓ શ્રી દવે બાપુના મુખેથી સાંભળો તો તમને એ પરીકથાઓ જેવી લાગે. તમને એમ લાગે કે શું આ શક્ય છે? સત્ય છે? પરંતુ આ ગગનગોળા નથી, પણ ગગનગામી ગોવિંદને ધરતી પર પદે પદે પ્રકટાવ્યા છે. સહયાત્રી બનીને એ પગમાં બળ પૂર્યું છે, અરે! ભાંગેલા, તૂટેલા પગોને પાટાપીંડી કરીને સાજા કર્યા છે. જે તે તીર્થસ્થાનોના દેવોએ અવનવી અનુભૂતિઓ આપી તેમની શ્રદ્ધાની જ્યોતને જ્વલંત બનાવી છે. ખરેખર, આ પદયાત્રાઓ સાચા અર્થમાં તેમના જીવનની સાધનાયાત્રાઓ બની ગઈ છે. આ પ્રેમપંથની પદયાત્રાઓએ તેમના જીવનમાં શ્રદ્ધા, જુસ્સો અને ખુમારી પ્રકટાવ્યાં છે. તેનું માપ કાઢી શકાય તેમ નથી. એ તો આપણે જ્યારે તેમના શ્રીમુખેથી એ લીલા પ્રસંગોની રંગત માણીએ તે લ્હાવો વળી અનોખો છે. મુંબઈની શિબિરમાં જેઓ ઉપસ્થિત રહી શક્યા છે તેઓએ એ 'ભાવસાગર'ને ઉછળતો માણી શક્યા છે. અઘાસી માતાના એ બાળકને નથી અહંકાર કે નથી પદપ્રતિષ્ઠાનો ભાર. સૌ સાથે પલાંઠી લગાવી માના ગુણગાન ગાવામાં મસ્ત બની જાય છે. અઘાસી માતાએ એમને જે અનુભૂતિઓ આપી છે તેમાંની એક અનુભૂતિ પૂ. મા સર્વેશ્વરીનાં સ્વરૂપ દર્શનની છે. મંદિરમાં બિરાજતાં અઘાસી માતાની મૂર્તિમાં એમને ખુલ્લી આંખે પૂ. મા સર્વેશ્વરીનાં દર્શન થયાં છે. એટલે પૂ. મા પ્રત્યે તેઓ એટલો બધો અહોભાવ દાખવે છે કે આજ મારી હરતીફરતી અઘાસી માતા છે. એવી જ રીતે ગયા તીર્થમાં તર્પણ કરતી વખતે પૂ.

યોગેશ્વરજીએ જે પ્રકટ દર્શન આપી અલૌકિક અનુભૂતિ આપી તે પણ તેમના જીવનની વિરલ ઘટના છે. અનુભૂતિઓથી પુષ્ટ થતો એ પ્રેમપ્રવાહ આજે જાણે ધોધસ્વરૂપે ઉછળી રહ્યો છે. એમાં સ્નાનની મોજ કેટલી બધી સ્ફૂર્તિદાયક બની રહેશે!

આજની અમારી સપ્તશૃંગી માતાની યાત્રાપ્રસંગે એ પ્રેરણા પુરુષની પુણ્યયાદ અંતરના દ્વારને ઉઘાડી ગઇ. ચાલો, પાછા આપણે એ પાવન શ્રી ચરણોમાં પહોંચી જઇએ કે જ્યાં પદે પદે પાવન તીર્થો પ્રકટી રહ્યાં છે. સ્વરૂપ દર્શનમાં ફરીથી ડૂબી જઇએ. અમારી બસ દોડી રહી છે સપ્તશૃંગી માતાને દર્શને, પણ મન તો પૂ. માના સ્વરૂપ દર્શનમાં ખોવાઇ ગયું છે કે આથી વિશેષ પ્રેમસ્વરૂપ સજીને ત્યાં વળી કઇ માતા બેઠી હશે? બસ ભલે આમતેમ દોડ્યા કરે, પરંતુ આ પ્રેમાળ, રમતિયાળ માતાના ખોળામાંથી ઊઠવાની ઇચ્છા થતી નથી તેનું શું? આવાં અખંડ દર્શન છોડીને વળી સમય સમયના દર્શન કરવા શા માટે દોડવું? પરંતુ લીલાપ્રસંગોના સર્જન માટે પણ આ બધું અનિવાર્ય હોય છે. સપ્તશૃંગી તીર્થસ્થાને પહોંચીએ એ પહેલાં પૂ. માના હેતાળ હૈયાની હુંફ માણી લઇએ. શ્રી કંચનબેન બસમાં સૌને પકવાનનો પ્રસાદ વહેંચી રહ્યાં છે. પૂ. માએ તે જોયું કે બુમ પાડી, "કંચન, શું કરે છે?" "મા, પ્રસાદ આપું છું," કંચનબેને કહ્યું : "એમ પ્રસાદ વહેંચાય? લાવ મારી પાસે" પૂ. માની આજ્ઞા છૂટી. પૂ. માએ પકવાનનો ડબરો પાસે લીધો અને દરેકને મુઠ્ઠા ભરી ભરીને આપવા મંડ્યાં, જે છોકરાઓના ખોબામાં પણ સમાતો ન હતો. છોકરાઓ પ્રસાદથી ભરેલા ખોબાઓ જોઇને હરખાઇ ઉઠ્યા. અમે જોયું કે એ પકવાનનાં ચકતાંઓ ઉપર કંઇક ચમકી રહ્યું હતું. એ હતું પ્રેમનું રસાયણ.



જે પ્રેમ રસાયણે બાલમુકુંદે યશોદામાતાનો ખોળો ખૂંદ્યો હતો. પૂ. મા પૂર્ણ છે. એ પૂર્ણ ભાવની રસક્ષતિ ક્યાંય થતી નથી, પ્રસાદમાં પણ નહીં, એટલે પૂ. માનો પ્રસાદ એ ફક્ત પ્રસાદ નહીં, પણ મહાપ્રસાદ હોય છે. એ પ્રેમપ્રસાદની મોજ લૂંટતા ક્યારે સપ્તશૃંગી માતાના શ્રી ચરણોમાં પહોંચી ગયા તેનું ભાન પણ ન રહ્યું.

સપ્તશૃંગી માતાનું સ્થાન સુંદર પર્વતમાળોથી ઘેરાયેલું છે. પ્રકૃતિ પ્રેમીઓને આનંદ આપે તેવું છે. અમે દૂરથી સ્થાનના દર્શન કર્યાં તો ઘણું ઊંચું હતું, ૪૭૫ પગથિયાં ચડવાનાં હતાં. એટલે અમને એમ થયું કે મા, બસમાં બેસે તો સારું. અમે પૂ. માને સમજાવવા ફાંફાં માર્યાં, પરંતુ એ ફાંફાં જ રહ્યાં. પૂ. મા તો બસમાંથી ઉતર્યાં ને ચાલ્યાં ખુલ્લા પગે—બપોરના તપતા તાપમાં. આજે પૂ. માના કઠિન ઉપવાસોનો ૧૮૦૯ મો દિવસ છે, પણ એ ગણતરી કોણ રાખે? "પરથમ પહેલાં મસ્તક મૂકીને નીકળ્યા હોય તેને વળી યુદ્ધનો ભય શો?" પૂ. મા તો ચાલ્યાં. છોકરાઓના જીવતો ઊંચા નીચા થઇ ગયા, પણ શું થાય? કંચનબેન, સરોજબેન અને નીલાબેન થોડા ઝડપથી ચાલીને એમ સમજીને આગળ નીકળી ગયાં કે આપણને ચડતાં ચડતાં કંઇ થઇ જાય અને પૂ. માને ચિંતા થાય અને આપણે બોજારૂપ બની જઇએ. હવે તમે પણ સૌ બરાબર આ ચડતી પદયાત્રામાં જોડાઇ જાઓ. પૂ. મા પ્રથમ પગથિયા પાસે આવી ગયાં છે. છોકરાઓ અને મંગળાબેન પૂ. મા સાથે છે. પૂ. મા અહીં ઘુંટણિયે પડી સપ્તશૃંગી માતાને પ્રાર્થના કરે છે "હે મા, અમે તમારા દર્શને આવીએ છીએ, બળ આપજો", અને પૂ. માએ ચરણો ઉપાડ્યા. એ શ્રી ચરણોનાં

દર્શન કરવા જેવાં છે, એ સ્ફૂર્તિલાં શ્રી ચરણોએ પ્રેમપંથના કાંટા કાંકરાઓને ક્યારેય ગણકાર્યા નથી. એ શ્રી ચરણોમાં પ્રભુદર્શનની એવી તો તીવ્ર દાઝ ભરી છે કે આ પાવક જ્વાળામાં સતત દાઝતાં એ શ્રી ચરણોએ ક્યારેય પીછેહઠ કરી નથી. આજે એક વધુ કસોટીએ પડકાર ફેંક્યો છે, અને પૂ. માએ તેને હસતાં મુખે વધાવી લીધો છે. આ પડકાર કેટલો કઠિન છે તેનો ખ્યાલ આપણે લેવો હોય તો ફક્ત બે દિવસના નકોરડા ઉપવાસ કરી ગબ્બરગોખે ચડી ખાત્રી કરી લેજો. આપણે તપ કરીએ તોજ તપનું મહત્ત્વ સમજાય. ચાલો, આગળ વધીએ. પૂ. માએ ચરણ ઊપાડ્યાં નહિં ઉડાડ્યાં, પંદરેક પગથિયાં પૂ. મા દોડીને ચડ્યાં ત્યાં તો પાછળથી મંગળાબેન અને છોકરાઓએ સાદ પાડ્યો, "મા, ધીમે ચડો, અમે હાંફી રહ્યા છીએ." પૂ. માએ પાછુવળી જોયું તો હજુ બધા પાંચ છ પગથિયે માંડ પહોંચ્યા હતાં ખાસ કરીને મંગળાબેન આવા શારીરિક પરિશ્રમથી ટેવાયેલાં નહીં એટલે એ ચિંતામાં હતાં કે મારાથી ચડાશે કે નહીં. વીસેક પગથિયાં ચડી પૂ. મા પાસે મંગળાબેન પહોંચ્યાં એટલે પૂ. મા હસતાં હસતાં કહે "વીલ તો તૈયાર કરાવી રાખ્યું છેને, કદાચ હરિ ૐ થઇ જઇએ, કોને ખબર!" મંગળાબેન કહે "મા, તમને ખબર છે, તમે કૃપા કરશો તોજ મારાથી ચડાશે" પૂ. મા કહે "ચાલો મારી સાથે, કંઇ નહીં થાય."

પછી પૂ. માએ ધીમે ધીમે પગથિયાં ચડવા માંડ્યાં જેથી મંગળાબેન સાથે રહી શકે, હિંમત રહે. હવે વચ્ચે વચ્ચે પૂ. મા થોડો વિરામ લેતાં લેતાં આગળ વધે છે, જેથી મંગળાબેનનો ઉત્સાહ જળવાઇ રહે. પૂ. માની આસપાસ



હંમેશાં પ્રસન્નતાના ફુવારા ઉડતા રહે છે, તેમાં સ્નાન કરતાં સૌ પરિશ્રમ ભૂલી જાય છે. પૂ. માએ ચડતાં ચડતાં ઉપર નજર કરી તો દૂર ઊંચે કંચનબેન, સરોજબેન અને નીલાબેન ઊભાં છે. પૂ. માએ તરત જ કહ્યું "જુઓ સામે તીન દેવિયાં દર્શન આપે છે. દર્શન કરી માંગો કે અમને ચડવાની શક્તિ આપો, એમાંય કંચન તો પાવરહાઉસ, તેમાંથી આપણને હોર્સપાવર મળ્યા કરે" આ હળવી રમુજ સાંભળી સૌ ખડખડાટ હસી પડ્યા. એ હાસ્યના હિલ્લોળમાં ક્યારે અડધાં પગથિયાં ચડી ગયાં તેપણ ખબર ન પડી. વચ્ચે વચ્ચે પૂ. મા મંગળાબેનની ખબર પૂછતાં રહે છે. આ યાત્રામાં પૂ. મા મંગળાબેનને લાડથી "મંગળદાસ" કહીને બોલાવે છે. વળી પૂ. મા હાસ્ય રેલાવતાં કહે "કેમ મંગળદાસ, હાર્ટફેઇલ થાય એમ તો નથીને? નહીંતર છેલ્લો ફોટો પડાવી લઇએ. ચાલો ભગવાનજી, અમારો ફોટો લઇ લો" અમે સૌ હાસ્યહોજમાં સ્નાન કરતાં કરતાં ખરેખર એ પણ વિસરી ગયા છીએ કે અમે ઉપર ચડી રહ્યા છીએ! અમે ખરેખર પગથિયાં ચડતા નથી, પરંતુ હાસ્યનાં મોજાઓ ઉપર સવારીનો આનંદ લૂંટી રહ્યા છીએ. ત્યાં વળી હાસ્યનું એક મોટું મોજુ આવ્યું અને અમને ક્યાંય ઊપાડીને લઇ ગયું!

અચાનક વાંદરાઓનું ટોળું કોણ જાણે ક્યાંથી કૂદી પડ્યું! અમે સાવધાન થઇએ એ પહેલાં અમારી સાથે ચાલતાં દીપ્તિબેનના હાથમાંથી, માતાજીને ચડાવવાની ચૂંદડી અને પ્રસાદ ઉપાડી દૂર બેસી આરોગવા લાગ્યા. પૂ. મા કહે "હું વિચારતીજ હતી કે વાંદરાઓ કેમ દેખાયા નહીં? ત્યાં બીજી જ ક્ષણે આવી પહોંચ્યા," દૂર વાંદરાને પ્રસાદી ખાતા જોઇ કહે "જુઓ, માતાજીએ સામે ચાલી આવીને પ્રસાદ સ્વીકારી

લીધો". આ ધમાચકડીમાં કોણ જાણે કેટલાય પગથિયાં ચડી ગયા! પૂ. મા કહે "ચાલો હવે શ્રી ધીરૂભાઇ આપણને સમશૃંગી માતાની કથા કહે છે તે સાંભળો. શ્રી ધીરૂભાઇને પૂ. માએ આ તીર્થ સ્થાનનો મહિમા જાણવા માટે કહ્યું હતું તેથી હવે પુસ્તક વાંચી શ્રી ધીરૂભાઇ કથા કહે છે." અહીંની કથા એવી છે કે મહિષાસુરને માર્યા પછી દેવીએ આ સ્થાનમાં આરામ કર્યો, અને સામે બીજા પર્વત પર માર્કેન્ડેયમુનિએ દેવીનું સ્તુતિ ગાન કર્યું અને કથા કરી. નીચે મહિષાસુરનો વધ કર્યો તે સ્થાન છે, અને તે સ્થાનમાં આજે પણ મહિષાસુરના કપાયેલા મસ્તકનું શિલ્પ જોવા મળે છે." એક બાજુ અમારી કથા પૂરી થઇ અને બીજી બાજુ "સમશૃંગી માતકી જય"નો જયઘોષ થયો. એ જયઘોષ સાથે અમે એ પવિત્ર સ્થાનમાં પહોંચી ગયા હતા. ૪૭૫ પગથિયાં કેવી રીતે ચડી ગયા તેનો તો કંઇ ખ્યાલ જ ન રહ્યો! જાણે પૂ. માએ અમને ઊંચકીને સીધા ઉપર મૂકી દીધાં ન હોય! 'પંગું લંઘયતે ગિરિમ્' તે આનું નામ!

આ સ્થાન પૂ. માને ખૂબ ગમ્યું, શાંત અને રમણીય પથ્થરમાં કોતરાયેલી સમશૃંગી માતાની મૂર્તિ પણ વિશાળ કદની મનોહર છે. પૂ. માએ દેવીનાં દર્શન કરી પ્રણામ કર્યાં, સૌએ દેવીના દર્શનના મનોરથ પૂરા કર્યાં. દર્શનના આનંદની અવધિ તો ત્યાં આવી કે જ્યારે પૂ. મા સાથે સૌ મંદિરના પ્રાંગણમાં બેસીને ધૂન અને સ્તુતિના ભાવપૂર્ણ ગાનથી નાચી ઉઠ્યા! શ્રી મંગળાબેનની પૂ. મા પ્રત્યેની શ્રાદ્ધાભક્તિનાં એક ભાવપૂર્ણ દૃશ્યના દર્શનનો લ્હાવો માણવા મળ્યો. ધૂન-ભજનમાં સૌ મસ્ત હતાં ત્યારે શ્રી મંગળાબેન પોતાના અંતરના ભાવો વ્યક્ત કરતાં પૂ. માની ગોળ પ્રદક્ષિણા કરવા



લાગ્યાં. શ્રાદ્ધાભક્તિભાવભર્યું આ ભાવદૃશ્ય જોતાં શ્રી ગણેશજી અને કાર્તિકેયની પૂણ્ય કથાનું સ્મરણ થયું. કાર્તિકેય જ્યારે પૃથ્વીની પ્રદક્ષિણા કરી વિજયના ગર્વ સાથે કૈલાસ પધાર્યા ત્યારે માતાપિતાએ નિર્ણય જણાવ્યો કે ગણેશજી સ્પર્ધામાં પહેલા છે, કારણકે તેમણે પૃથ્વીથી પણ વધુ મહિમાવાળા માતાપિતાની પ્રદક્ષિણા કરીને પૃથ્વીની પ્રદક્ષિણાનું પૂણ્ય મેળવી લીધું છે. અહીંયા પણ 'ગૌરીશંકર' જ હતાને! અને પર્વત પણ હતો, જ્યાં ગૌરીશંકર ત્યાં કૈલાસ હોયજને! શ્રી મંગળાબેનને થયું કે અહો! આ લ્હાવો ફરી ક્યારે મળશે! એ પ્રદક્ષિણા ફક્ત ગૌરીની જ ન હતી, તેમાં પ્રતિષ્ઠિત શંકરભગવાનની પણ હતી! ભાવના હોય તો ભગવાન ક્યાં દૂર છે!

શું ભજવવાનું હતુ, અને શું ભજવાઇ ગયું અને તે પણ આટલી સરસ રીતે! સુરેશભાઇની તો એવી ઇચ્છા કે મા અમે તમને ઊંચકી લઇએ, પરંતુ અહીં તો સુરેશભાઇ સહિત સૌને પૂ. માએ ઊંચક્યા! સૌને ચિંતા હતી કે પૂ. મા કેવી રીતે ઊપર ચડશે પરંતુ અહીં તો પૂ. માએ સૌને ઊપર ચડાવ્યા! આ દૈવી શક્તિનો ચમત્કાર ન હતો તો બીજુ શું હતું? કંઇ છુમંતર થાય તોજ ચમત્કાર કહેવાય! પૂ. માના પ્રસન્ન સ્વરૂપની આ કમાલ છે, એ પ્રસન્ન સ્વરૂપે આ એક નહિ, અનેક ચમત્કારો સર્જ્યા છે.

ચાલો હવે નીચે ઊતરીશુને! એ પહેલાં ફરી એકવાર સમશૃંગી માતાનાં દર્શન કરી લઇએ. વિદાય લેતા પહેલાં પૂ. મા દેવીને ઘૂંટણિયે પડી પ્રણામ કરે છે. સૌ ભક્તો સાથે પૂ. મા દેવી ક્ષમાપંના સ્તોત્રનું ગાન કરે છે. સૌ દેવસ્થાનોમાં પૂ.

મા આ રીતે દર્શનાર્થીઓના પ્રવાહમાં ભળી જાય છે. પૂ. માના વર્તનમાં એટલી તો સાહજિકતા છે કે બુદ્ધિની ગમે તેટલી કસરત કરો તોપણ તે સાહજિક સ્વરૂપની ઊપર જઇ શકો નહીં. એ ઓળખમાં તો ફક્ત એમની કૃપા જ કામ કરે છે. હજુ તો થોડા જ પગથિયાં ઊતર્યા ત્યાં સામેથી તેર ચૌદ વર્ષના કિશોર અને કિશોરીઓ પોતાના માથા ઊપર પથ્થર ઊંચકીને પગથિયાં ચડી રહ્યાં છે. ઊપર મંદિરના નવનિર્માણનું કામ ચાલે છે તે માટે આ નાનકડા મજુરો પથ્થરો ઊંચકીને નીચેથી છેક ઊપર લઇ જાય છે. આ દૃશ્યથી પૂ. માનું અંતર દ્રવી ઊઠ્યું. પૂ. મા કહે "આનું નામ સુપાત્રે દાન કહેવાય, પથ્થરો ઊંચકી જે જે સામા મળે તે દરેકને પાંચ પાંચ રૂપિયા આપો" સાચુ દાન ક્યાં કેવી રીતે કરવું જોઇએ તે પૂ. મા સમજાવે છે અને દરેક મજુર છોકરા છોકરીઓને સ્વહસ્તે પાંચ પાંચ રૂપિયા આપે છે. અમારા અંતરને પણ કોઇ ઓળખનાર છે એ જાણતાં એ પરિશ્રામી ચહેરાઓ કેવા આનંદથી ચમકી ઊઠ્યા હતા!

નીચે ઊતરતાં પણ પૂ. માના એજ પ્રસન્ન સ્વરૂપમાં નિમગ્ન બન્યાં છીએ. પરિશ્રામ કે થાક ને જાણે કોઇ જાણતું જ નથી. પ્રસન્નતાના પારાવારમાંથી હજુ તો આ એક બુંદ જ છે છતાં એ કેટલું શીતળદાયી છે! જિંદગીની લાંબી વણઝારમાં કેટલીક ક્ષણો પૂ. મા સાથે ગાળવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે. પરંતુ ક્ષણોમાં જ એ મહાનલે થીજી ગયેલાં હૈયાને હૂંફ આપી અંતરમાંથી નાનાં ઝરણાં વહેતાં કર્યાં છે, જે એક દિવસ જરૂર એ મહાસાગરમાં સમાશે.

પૂ. માના સાન્નિધ્યમાં અવનવા પ્રસંગોની હારમાળા



સર્જાતી રહે છે. અમારી સામે એક ભક્તિભાવપૂર્ણ દૃશ્ય નજરે પડે છે. અનુમાન કરતાં એમ લાગ્યું કે આ કોઇ માનતાની વિધિ છે. એક ભાઇ ધૂપદાની જેવા આકારના દીપકને દરેક પગથિયે નીચા નમીને અડકાળતા જાય અને બીજા ભાઇ તે દીપકમાં દરેક પગથિયે કપુરની ગોટી નાખતાં જાય. આમ એક એક પગથિયે દીપક અડાડી ૪૭૧ પગથિયાં ચડી માતાજીનાં દર્શન કરી માનતા પૂરી કરે છે. આ વિધિ જોતાં પૂ. માએ કહ્યું "અમારું ધ્યેય જ્યારે પૂર્ણ થશે ત્યારે અમે પણ સપ્તશૃંગી માતાની આવી માનતા રાખવા ઇચ્છીએ છીએ. એ વિધિપ્રસંગે ફરીથી આવશોને બધા?" બધાએ હર્ષોલ્લાસથી એ શબ્દોને ઝીલી લીધા પરંતુ ધન્યતાની એ પાવન ક્ષણે કોના જીવનમાં એ સુંદર સવાર ઊગશે કોને ખબર! એ ધન્યતાની ક્ષણના સ્વપ્નામાંથી બહાર આવીએ ત્યાંતો એજ વાંદરાઓનું ટોળું જાણે રાહ જોઇ બેઠું હતું! આ જોતાં જ પૂ. મા કહે "આ સુધરેલા નહીં પણ આ અસલ વાંદરાઓને જામફળ ખવડાવો" આજના માનવીની ચિત્તની ચંચળતા જોતાં પૂ. માની આ ટકોર કેટલી માર્મિક હતી! હવે પૂ. મા, "ૐ મા, જય મા, જય જય મા,"ની ધૂન ગવડાવે છે. એ મંગળમય વાતાવરણને માણતા અમે નીચે ઊતરીને પણ ઊપર ચઢ્યા હતા! છેલ્લે પગથિયે પહોંચતાં પૂ. મા જીવનમંત્ર આપતાં કહે "જીવનમાં ઊતરવું સારું નહિ, ચડવું જ સારું. પ્રભુપંથના એક પછી એક સોપાનો સર કરતા જ રહેવું. સંસારીભાવમાં ડૂબ્યા રહેવું એ નીચે ઊતરવા જેવું છે" પૂ. મા એ જીવનને સાર્થક કરતાં રહે છે. આજના સપ્તશૃંગી માતાના દર્શનમાં પણ એ મંત્રનો જયઘોષ કર્યો. એક અવિરામ યુદ્ધનો કંટકભર્યો પંથ કાપવામાં ક્યારેય

પીછેહઠ કરી નથી. એજ અડગ શ્રદ્ધા સાથે પૂ. મા પ્રભુને વિનવે છે.

વણથાક્યાં ચરણો મારાં નિત તારી સમીપે ધાજો,
હૈયાના પ્રત્યેક સ્પન્દને, તારું નામ રટાજો.

જે પરમ શક્તિએ શ્રી ચરણોમાં પ્રેમ ભર્યું, બાહુમાં બળ અર્પ્યું, અંતરમાં જુસ્સાની જ્વાલા જગાવી તેની કૃતકૃત્યતા પૂ. મા ક્યારેય વિસરતાં નથી. વ્રત–તપના આકરા નિયમો વચ્ચે પણ પૂ. માએ પ્રભુપ્રેમની નિષ્ઠાની જે જ્યોત જલાવી છે તે ખરેખર બેમિસાલ છે. સપ્તશૃંગી માતાના દર્શનનો આજનો પ્રેરણા પ્રસંગ એજ પરમ શક્તિની કૃપાની અનોખી દાસ્તાન છે. પૂ. માનું અંતર એ ધન્યતાના ગાનથી તુરત જ ગૂંજી ઊઠ્યું.

ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું,
અશક્યને તેં શક્ય કર્યું, બિરુદ સ્વજનનું સત્ય ઠર્યું.

આ ધન્યતાના સૂરો સાથે પૂ. મા છેલ્લે પગથિયેથી સપ્તશૃંગી માતાને પ્રણામ કરતાં કહે છે "હે મા! તમે જ શક્તિ આપી, જેથી આપનાં દર્શનનો લ્હાવો લઇ શકાયો. અમારી તો કોઇ શક્તિ ન હતી." આ ધન્યતાની પાવન ક્ષણોમાંથી સ્વસ્થ થઇ હજુ તો પૂ. મા બહાર આવે ત્યાં તો એક ચાલીશેક વર્ષની ઉંમરનાં એક અજાણ્યાં બેન આવી પૂ. માને પગે લાગે છે. પછી ઊભાં થઇ અમારા તરફ ફરી કહે "જો ઊપર હૈ, વહી યહી હૈ" એકાએક બનેલા આ પ્રસંગને સમજીએ, એમના શબ્દોના રહસ્યને પામીએ એ પહેલાં તો એ બેન કોણ જાણે ક્યાં જતાં રહ્યાં! અમે તેમને કંઇ પૂછી શક્યા નહીં. પૂ. માના તપસ્વી જીવનનો આ કંઇ પહેલો પ્રસંગ નથી. આ પહેલાં પણ



આવા લીલા પ્રસંગો સર્જાયા છે. આવા લીલા પ્રસંગોનું રહસ્ય તો એજ જાણે કે જેઓ,

"રામ અમલમાં રાતામાતા, પૂરા પ્રેમી પરખે જોને,
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદન નિરખે જોને."

છતાં અમને પ્રભુએ આ પ્રસંગના સાક્ષી બનાવ્યાં તેમાં તો કોઇ શંકાને સ્થાન નથી. દેવ સામે જ છે, જ્યારે આપણે દેવના ધામ શોધવા ઊપર, નીચે, આમતેમ ભટકીયે છીએ. કવિ નાનાલાલની દિવ્ય દૃષ્ટિ આપણને ક્યારે સાંપડશે?

"નાથ, એટલી અરજી રે, ઉપાડો જડ પડદા,
નેન નીરખો ઊંડેરું રે, હરિવર દરસે સદા."

(ક્રમશઃ)

## અમૃતવાણી

"મારી અભિપ્રાય મુજબ તો પુસ્તકો ખરીદવામાં કદી પૈસા સામે ન જોવું જોઈએ. એનો અભ્યાસ કરવાથી આપણને જે લાભ થાય છે તે તરફ જોતાં પુસ્તકોની કિંમત ગમે તેટલી હોય તો પણ કાંઇ હિસાબમાં નથી. એવા પણ દિવસ હતા, કે લોકો નાનાં નાનાં પુસ્તકો હાથે લખવામાં સેંકડો રૂપિયાનો ખર્ચ કરતાં"

"ક્ષુદ્ર વિચારવાળા મોટા માણસોથી નહિ પણ મહાન વિચારવાળા નાના પુરુષોથી જ દેશનું કલ્યાણ સધાય છે."

સ્વામી રામતીર્થ

# સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું?

યોગેશ્વરજી

જગતના તમામ ચેતન–અચેતન પ્રાણી–પદાર્થો બાંધી આવરદા લઈને અવતરે છે અને જીવનલીલા સંકેલાઈ જતાં તે વિદાય લે છે કે તેમનો વિલય થાય છે.

કોઈ પ્રાણી–પદાર્થનો સમૂળગો નાશ થતો નથી પરંતુ તેનું રૂપાંતર થતું હોય છે. સર્જનમાં માત્ર ઊર્જા અસ્તિત્વ ધરાવે છે. પદાર્થમાં પણ ઊર્જા ગુપ્ત રૂપે વિદ્યમાન હોય છે.

દિવાળી આવે છે અને જાય છે. વીતી ગયેલા વર્ષનું સ્થાન નવું વર્ષ લે છે. જૂનું બધું વિદાય લેતું દેખાય છે અને ત્યાં નવું તેની જગ્યા કરે છે. માણસ ઇચ્છે કે ના ઇચ્છે તોપણ સમયચક્ર ચાલતું રહે છે કેમકે અસ્તિત્વ ક્ષણે ક્ષણે ગતિમાન અને પરિવર્તનશીલ છે.

ઋતુચક્રનો ક્રમ પણ નિસર્ગના નિયત કાર્યક્રમ અનુસાર ચાલતો રહે છે. વર્ષા વિદાય લે છે અને શરદ તેનું સ્થાન લે છે. શરદ જતાં ક્રમે ક્રમે હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ પૃથ્વીની મુલાકાત લે છે–જાણે કે નિયતિ કોઈ અકળ નિરાળી અનોખા પ્રકારની ચાવી ફેરવતી રહે છે અને ઋતુઓને પોતપોતાના ક્રમ પ્રમાણે ચલાવતી રહે છે.

ઉષા, મધ્યાહ્‌ન, સંધ્યા અને રાત્રિ એવો દૈનિક ક્રમ પણ ચાલતો રહે છે. દિવસ અને રાત્રિ દીર્ઘ અને હ્રસ્વ થયાં કરે છે. શુક્લપક્ષમાં કળાઓની વૃદ્ધિ અને પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર



દૃશ્યમાન થાય છે તથા કૃષ્ણપક્ષમાં દિનપ્રતિદિન એક એક કળાનો વિલય અને અમાવાસ્યાને દિવસે પૂર્ણ વિલય ચંદ્ર અનુભવે છે. આવા પ્રકારે બધા દિવસોનો ક્રમ નિયતિ–નિયમ મુજબ નિરંતર ચાલતો રહે છે. ઋતુઓ કે દિનરાત કોઈ કાયમ માટે ટકતું નથી.

માણસ પોતાના આયખા દરમ્યાન ઘડીકમાં હર્ષ કે ઘડીકમાં શોક અનુભવે છે. જન્મ–મરણનો ખેલ પણ ચાલતો રહે છે. ક્યાંક જન્મનો ઉત્સવ જોવા મળે છે તો ક્યાંક મૃત્યુ અંગેની વેદના ઊભરી આવતી દેખાય છે.

સુખ–દુ:ખ, હાર–જીત, ઉત્થાન–પતન, યશ–અપયશ, રોગ–આરોગ્યની તેજછાયા માનવજીવનને આવરીને પડેલી છે.

બાળપણ યૌવન વૃદ્ધાવસ્થા વિલય અને નવજીવન જેવી ઘટનાઓનો ક્રમ પણ આગણે આગણે ચાલતો રહે છે.

સાગર વાદળનું સર્જન કરે છે અને તે જ વાદળ વર્ષી જઈને પાછું સાગરમાં સમાઈ જાય છે.

મિલનનો આનંદ અને વિરહ–વિદાયની વેદના પણ માણસના જીવનમાં વારાફરતી કેટકેટલીયે વાર દાવ ખેલ્યા કરે છે.

□ □ □

પરંતુ બાંધી આવરદા લઈને આવેલ ચેતન–અચેતન તમામ પ્રાણી–પદાર્થો પાછળ અસ્તિત્વનું કોઈ ગૂઢ રહસ્ય કાર્યરત હોય એવી પ્રતીતિ થાય છે.

માનવીને પૃથ્વી ઉપરનો જન્મ વૃદ્ધ થઈ ચિરવિદાય લેવા માટે જ નથી મળ્યો; પરંતુ જાગૃતિપૂર્વક વિકાસ સાધી

ચેતનાના ઉચ્ચતમ શિખરોને સર કરવા માટે માનવજન્મ મળ્યો છે. જન્મ પછી શરીર–મન–બુદ્ધિનો વિકાસ થતો રહે અને આંતરચેતનાની ઓળખ સાંપડે તો શરીરયાત્રાનો હેતુ સરે.

માણસ પોતાના જન્મ સાથે કોઇ નિયત કાર્યક્રમ લઇને જન્મતો નથી. માણસ સિવાયના દરેક સર્જનને નિયત કાર્યક્રમ મળ્યો છે. પશુ, પંખી, વનસ્પતિ–જગત નિસર્ગ–નિર્મિત કાર્યક્રમમાં કાંઇ ફેરફાર કરી શકે નહિ, પરંતુ માણસ જીવનના વણચીતર્યા કોરા કેન્વાસ ઉપર પોતાનો મનધાર્યો નકશો દોરી શકે છે.

સર્જનહારની સૃષ્ટિમાં માણસને મળેલી આ સ્વતંત્રતા તેનું ગૌરવ અને અહોભાગ્ય છે. માણસ પોતાના જીવનને આનંદ ઉત્સવ અને સૌંદર્યથી ભરી દઇ સ્વર્ગસમું દિવ્ય બનાવી શકે છે. જીવન એક મહામૂલું વરદાન છે. તેને વિષાદને બદલે પ્રસાદમાં ફેરવવું એ માણસના હાથની વાત છે.

માણસ બીજાની કાર્બન કોપી–બ્લ્યુ પ્રિન્ટ થવા સર્જાયેલો નથી. તે ધ્વંસી કે ધ્યાની જે કાંઇ બનવું હોય તે બની શકે છે. આંતરચેતના મહોરી ઊઠે અને માણસ કૈલાસ શિખરની ઊંચાઇને પણ અતિક્રમી જાય, એવી સંભાવના તેનામાં ગુપ્ત રીતે પડેલી છે.

અસ્તિત્વ સનાતન છે. તે હતું, અને કાયમ રહેવાનું છે. અસ્તિત્વ શાશ્વત છે. માનવજન્મરૂપી વરદાન એક ચમત્કાર છે. જીવનથી છૂટી નાસી જવાનું નથી, તેને આનંદની ઝલકથી છલોછલ ભરી દેવાનું છે.

માણસ હૃદયના થડકારામાં અસ્તિત્વના પ્રત્યક્ષ વાસ્તવિક સત્યને અનુભવે છે, લોહીની ગતિમાં તેને અસ્તિત્વનો ધબકાર



પ્રતીત થાય છે. અસ્તિત્વની ઝાંખી માણસને સર્જનના કણેકણમાં થતી રહે છે.

અસ્તિત્વ એ પૃથ્વી પરનું સત્ય છે. માણસે પ્રાપ્ત જીવનને તેના વિધવિધ રૂપ રંગ આકાર અને આયામમાં પામી લેવાનું છે. અસ્તિત્વ સપ્તરંગી મેઘધનુષ્ય જેવું અને સપ્તકના સાત સૂર જેવું સુંદર અને મધુર છે.

પરમાત્મતત્ત્વને તેના સારાય પરિપ્રેક્ષ્યમાં નિહાળવું હોય તો તેને ક્ષણ પ્રતિક્ષણ પરિવર્તનશીલ અસ્તિત્વમાં નિહાળવાનું છે. અસ્તિત્વ તે અવ્યક્ત પરમાત્મતત્ત્વનું વ્યક્ત સ્વરૂપ છે.

પરમાત્મતત્ત્વ ક્યાંય હોય તો તે સર્વત્ર ચોતરફ ચાલી રહેલી અસ્તિત્વની લીલામાં અહીંયાં જ આ પળે છે. 'અહીં' સિવાયનું કોઇ સ્થળ કે 'અત્યારની પળ' સિવાયનો કોઇ સમય પરમાત્મતત્ત્વની અનુભૂતિ માટે નથી.

માણસની જવાબદારી પોતાના 'હોવાપણાં'ની સભાનતા ઓળખ અને તેના બોધ પ્રત્યે છે. 'પોતાપણાં'ના બોધથી વંચિત રહેવું તે આત્મઘાત છે. માણસ બેહોશીમાં તે ખોઇને અસ્તિત્વનો અપરાધ કરે છે.

માનસન્માન પ્રતિષ્ઠા કે વ્યવહાર કુશળતામાંથી કોઇપણ 'હોવાપણાં'નું પોષક તત્ત્વ નથી. આવો બધો સામાજિક માન–મોભો માણસને અસ્તિત્વમાં ડોકિયું કરતો રોકે છે અને માણસ અસ્તિત્વનું અમાપ સૌંદર્ય ગુમાવી બેસે છે.

માણસ દુનિયામાં એકલો આવે છે અને એકલો વિદાય લે છે. માણસને કાયમનો સાથ–સંગાથ આપે તેવાં સ્વજન–આપ્તજન કોઇ નથી. તેનું જીવન ભીડ વચ્ચે પણ

એકલ હોય છે. એકલ આવી, એકલ જાવું–એ માણસ માટે નિયતિ–નિર્મિત ક્રમ છે. આવા એકલ જીવનમાં પરાયા લોકોના અભિપ્રાયોનું કશું મૂલ્ય નથી.

માત્ર માણસની ચેતનામાં ઉદ્દ્ભવતી મૌલિક સંવેદનાઓ અને માણસે ઉપલબ્ધ કરેલી અનુભૂતિઓનું મૂલ્ય છે. આ બધું મૃત્યુને પેલેપાર પણ માણસ સાથે રહે છે.

માણસના શાણપણ, હર્ષાશ્રુ, એની નિર્મળ એકાંત, તેની શાંતિ, તેના અખંડ આનંદને મૃત્યુ પણ છીનવી લઇ શકતું નથી. મૃત્યુ જેને છીનવી શકે નહિ તે જ માત્ર માણસની સાચી સંપદા છે.

બાંધી આવરદા દરમિયાન પણ માણસ અસ્તિત્વની માંગપૂર્તિ કરી જાય તો તે અસ્તિત્વને વધારે સમૃદ્ધિવાન બનાવીને અહીંથી જાય છે. આવા માણસ માટે જીવન વિસારે પાડી દીધું એમ ના કહી શકાય. આવો માણસ તો જીવનને પામી ગયો અને તેણે જીવી જાણ્યું એમ કહી શકાય.

જે માણસ ૧૮ કલાક કામ કરે, તે નિદ્રામાં પણ જાગ્રદવસ્થામાં જે કરતો હોય તેજ કામ કરે છે.

મારા ચિત્તની નિર્દોષતા આપના પર અસર કર્યા વિના નહિ રહે.

પોતાના સ્વરૂપમાં નિષ્ઠા રહેવાથી સમસ્ત સંસાર દાસ બની જાય છે.

**સ્વામી રામતીર્થ**



# यज्ञानां जपयज्ञोऽस्मि

**સ્વ. પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઇ (કુમાર)**

ગીતામાં અને બીજા ધાર્મિક ગ્રન્થોમાં યજ્ઞનો ખૂબ મહિમા ગવાયો છે. વિરાટ પુરુષનો આવિર્ભાવ યજ્ઞની જ પરિણતિરૂપે થયો છે. પર્જન્યના પિતા તરીકે તથા સેંકડો પ્રકારની કામનાઓની પરિપૂર્તિ કરનાર વાંછિત ફળના દાતા તરીકે યજ્ઞ પરબ્રહ્મ જેટલો જ પવિત્ર અને પૂજ્ય મનાયો છે, તેથી તો યજ્ઞ સાક્ષાત્ નારાયણ કહેવાય છે.

યજ્ઞ એ માત્ર વેદિનિહિત અગ્નિમાં રવિ હોમી પર્યાવરણની વિશુદ્ધિ નિમિત્તે કરાતી વિશિષ્ટ ધર્મક્રિયા જ નથી, પરંતુ સૃષ્ટિ અને તેના સર્જનહારની અનિર્વચનીય લીલાના સંકેતનું રહસ્યમય પ્રતીક છે. તેમાં દેવો માનવો સર્વે સહભાગી બને છે. અને તેથી તો તેનાં શાસ્ત્રો રચાયાં છે.

એ શાસ્ત્રીય વિષયની ચર્ચાને બાજુ પર રાખીએ તોપણ તે શાસ્ત્રોની એક વાત જાણી લઇએ કે જ્યારે કોઇએ પણ કરેલો યજ્ઞ પરિપૂર્ણ થાય છે ત્યારે તેની સંપૂર્ણતાના સંકેતરૂપે આકાશમાંથી આપોઆપ દિવ્ય ઘંટનાદ થાય છે.

પાંડવોએ શરૂ કરેલો રાજસૂય યજ્ઞ લગભગ પૂર્ણ થવા આવ્યો હતો. કોઇ વિધિ શેષ રહી ન હતી. અપાર ખર્ચ અને દાનપુણ્ય કરવામાં આવ્યાં હતાં. આબાલવૃદ્ધ સૌ કોઇ પાંડવોના આ ધર્મકાર્યની અત્યંત પ્રશંસા કરતા હતા. પરંતુ ધર્મરાજ યુધિષ્ઠિરના મુખ પર મ્લાનતા જણાતી હતી. તેમણે અધીર અને સચિંત બની શ્રીકૃષ્ણને પૂછ્યું,

"હજુ ઘંટનાદ કેમ થતો નથી? શું યજ્ઞવિધિમાં કોઇ ક્ષતિ કે દોષ રહેવા પામેલ છે?"

શ્રીકૃષ્ણ કાંઇ પણ બોલ્યા સિવાય બેચાર મિનિટ આંખો બંધ કરી બેસી રહ્યા. યુધિષ્ઠિરે ફરીથી પ્રશ્ન કર્યો ત્યારે થોડા ધ્યાનમાંથી જાગૃતિમાં આવ્યા હોય એવો દેખાવ કરીને તે યુધિષ્ઠિર પ્રતિ બોલ્યા,

"ચારે બાજુ તપાસ તો કરાવો. રાજ્યમાં કોઇ ભૂખ્યું રહેવા પામ્યું તો નથી ને? અથવા કોઇનું દિલ તો અજાણતાંય દુભાયું નથી ને?"

ધર્મરાજાએ તરત જ ધનંજયને બારીકાઇથી તપાસ કરવા, અને એવો કોઇ નાનકડો સરખો પણ અપરાધ થયાનું જાણમાં આવે તો તેનું પ્રાયશ્ચિત્તાદિ દ્વારા નિવારણ કરવા પગલાં ભરવા અનુરોધ કર્યો.

અર્જુન તો રથારૂઢ થઇને ખૂબ ફર્યો અને પૂછપરછ કરી પણ ક્યાંય તેમને કોઇ બુભુક્ષિત કે અપમાનિત થયેલી વ્યક્તિની ભેટ થઇ શકી નહીં. ઉલટું સર્વત્ર જયજયકાર જોવા-સાંભળવા મળ્યો.

આખરે નિરાશ થયેલા પાર્થની નજર મેદનીથી દૂર એકાંત સ્થળમાં ધ્યાનમગ્ન સ્થિતિમાં બેઠેલા એક સાધુ પર પડી. અર્જુને તેમની સમીપ પોતાનો પરિચય આપીને કહ્યું,

"મહારાજ! મારા લાયક સેવા જણાવો."

"કલ્યાણ થાઓ. મારી પ્રતિજ્ઞા બહુ કપરી છે."

"એ પ્રતિજ્ઞા જણાવવા કૃપા કરશો?"

"મેં અન્નત્યાગ કર્યો છે. જે વ્યક્તિ સો યજ્ઞના પુણ્યનું મને



પ્રદાન કરી શકે તેની પાસેથી જ ભોજનનો હું સહર્ષ સ્વીકાર કરીશ."

આ વિલક્ષણ પ્રતિજ્ઞા સાંભળી અર્જુન વિમાસણમાં પડી ગયો. 'હું થોડા જ સમયમાં આવું છું' એમ સાધુને કહીને તે યજ્ઞશાળામાં પાછો ગયો અને ચારેય ભાઇઓ સમક્ષ બધી વાત કરી. યુધિષ્ઠિર આ સમસ્યાના ઉકેલ માટે દૈન્યપૂર્વક શ્રીકૃષ્ણ સામું મીટ માંડી રહ્યાં, પરિસ્થિતિને પામી ગયેલા શ્રીકૃષ્ણે ધર્મરાજાને હિંમત આપતાં કહ્યું,

"તમે ચિંતા ના કરો. હું એ મહાત્મા પાસે હમણાં જ જાઉં છું અને તેમને સમજાવીને આ પ્રશ્નનો સુખદ નિવેડો લાવવાનો યત્ન કરું છું."

"એ સંત પુરુષના દર્શન કરવાની મને ઉત્કંઠા થઇ છે આપ અનુમતિ આપો તો હું પણ આપની સાથે આવું."

દ્રૌપદીની જિજ્ઞાસા પાછળ શ્રીકૃષ્ણ કોઇ સંકેતને જોઇ રહ્યા. તેમણે હા પાડતાં દ્રૌપદીએ આ ભાવના વ્યક્ત કરી.

"મહાત્મા પાસે જવું એ તો યાત્રા કહેવાય. આપણે પગપાળા જ જઇશું." આગળ આગળ શ્રીકૃષ્ણ અને પાછળ પાછળ દ્રૌપદી જઇ રહ્યાં.

શ્રીકૃષ્ણે સંતને પોતાનો આગ્રહ છોડી પાંડવો પર અનુગ્રહ કરવા ખૂબ સમજાવ્યા, પણ તેઓ એકના બે થયા નહીં. ત્યારે છેવટે દ્રૌપદીએ બે હાથ જોડી વિનયપૂર્વક કહ્યું,

"મહારાજ! આપ નિશ્ચિંત રહો. આપને સો યજ્ઞનું ફળ મળી જશે."

દ્રૌપદીનું આ વિધાન સાંભળી શ્રીકૃષ્ણને આશ્ચર્ય થયું

અને તેમના ચિત્તમાં વિચારવંટોળ જાગ્યો કે: હજુ એક યજ્ઞ પૂર્ણ થવામાં તો અંતરાય આવી ઊભો છે, તો શાના આધારે આ દ્રૌપદી આ મહાત્માને સો યજ્ઞોના પુણ્યપ્રદાનનું વચન આપી રહ્યાં છે! તેમણે છૂપી રીતે દ્રૌપદીના વદન તરફ નજર નાંખી તો તે સતીનાં નેત્રોમાં દિવ્ય દીપ્તિ ઝળહળી રહી હતી. આથી તેમના મનને શાંતિ વળી.

"ભગવતી! હું કેવી રીતે માનું? હજુ તો તમારો એક યજ્ઞ પણ પૂર્ણાહુતિને પામ્યો નથી." સાધુએ એક દીર્ઘશ્વાસ છોડીને કહ્યું,

"મને લાગે છે કે દેહત્યાગ એજ મારી નિશ્ચિંત નિયતિ છે."

"ના મહારાજ! એવું ના બોલો. હું તો અલ્પજ્ઞ છું અને પંડિતોની પેઠે શાસ્ત્રાર્થ કરવાને અનધિકારી છું....પણ આ શ્રીકૃષ્ણ ભગવાનને સાક્ષી રાખીને આપની સમક્ષ નમ્રતાપૂર્વક નિવેદન કરવા માંગું છું."

"શું?"

"એજ કે હું યજ્ઞશાળામાંથી નીકળી અહીં આપની પાસે આવી ત્યાં સુધી દરેક પગલે અને પળે પળે મેં સંપૂર્ણ એકાગ્રતા અને પ્રેમપૂર્વક 'શ્રીકૃષ્ણ: શરણં મમ' એ મંત્રનો સતત જપ કર્યા કર્યો છે."

"એ તો ઘણું સારું કર્યું આપે."

"તો શું શાસ્ત્રોમાં એમ નથી કહ્યું કે હરિનામના જપ સહુની પ્રત્યેક પળ અને મંત્રોચ્ચાર સહ ભરાયેલું દરેક ડગ એક એક યજ્ઞ સમાન હોઇ તેથી યાત્રીને યજ્ઞનું ફળ મળે છે?"



દ્રૌપદી જવાબ માટે સંતના સામું તાકી રહ્યાં.

"શાસ્ત્રવચન તો સર્વદા સત્ય અને વિશ્વસનીય છે."

"બસ ત્યારે ભગવન્! મારો હિસાબ પણ ચોખ્ખો રોકડ છે."

"હિસાબ કેવો? કાંઇ સમજાયું નહીં, દેવીજી!"

"હું સમજાવું. મેં ચાલતાં ચાલતાં બહુ ચોક્કસ રીતે ગણતરી કરી છે. હું આ રીતે 'શ્રીકૃષ્ણ: શરણં મમ'નો જપ કરતી કરતી ૫૦૦ ડગલાં ચાલીને આવી છું. એટલે ૫૦૦ યજ્ઞ તો હું કમાઇ ચૂકી છું. તેમાંથી ૧૦૦ યજ્ઞો હું આપને સમર્પણ કરું છું. અને બાકીના ૪૦૦ તથા અહીંથી પાછા જતી વખતે થનાર બીજા ૫૦૦ એમ કુલ ૯૦૦ યજ્ઞો આપની કૃપાથી આ સદ્‌ભાગિનીના નામે જમા થશે તે હું આપની પ્રતિજ્ઞા પૂરી થયા બાદ અને ઘંટનાદ સંભળાયા પછી શ્રીકૃષ્ણાર્પણ કરી દઇશ. હવે તો પ્રસન્ન છોને મહારાજ?"

"સંત તો ચૂપ થઇ ગયા અને શ્રીકૃષ્ણને વંદના કરી પ્રસન્નતાપૂર્વક પ્રસાદ ગ્રહણ કરવા તત્પર થયા."

□ □ □

જગદ્‌ગુરુ શ્રીશંકરાચાર્ય વિરચિત 'શિવમાનસપૂજા સ્તોત્ર'માંનો ૪ થો શ્લોક અત્રે યાદ કરવા જેવો છે.

"આત્મા ત્વં ગિરિજા મતિ:<br>
સહચરા, પ્રાણા: શરીરં ગૃહમ્।<br>
પૂજા તે વિષયોપભોગ રચના,<br>
નિદ્રા સમાધિ સ્થિતિ:॥"

"સંચારઃ પદયોઃ પ્રદક્ષિણવિધિઃ,
સ્તોત્રાણિ સર્વાગિરો।
યદ્યત્કર્મ કરોમિ તત્તદખિલં,
શંભો તવારાધનમ્।।"

ભક્ત અથવા સાધક (અલબત્ત, ધર્મનીતિ શીલસંપન્ન જીવન ગાળવાને સતત પ્રયત્ન કરનાર સાધક) જે કાંઇ–ભૌતિક કે ધાર્મિક–કર્મ કરે તે પ્રભુપ્રીત્યર્થે પ્રભુમય થઇને કરે, તે તે કાર્ય કરતી વખતે હરિ–ગુરુને સ્મરે કે હરિમાં ચિત્ત પરોવે–તો તેનું તે તે કર્મ પછી બંધનકારક ક્રિયા રહેતી નથી, પરંતુ આત્મોન્નતિ સાધક યજ્ઞ બની રહે છે.

અજપાજપ તો તેનો શ્વાસ, પ્રભુની પૂજા બની રહે છે અને તેની નિદ્રા એ તમોગુણી અજ્ઞાન પ્રક્રિયા નહીં પણ સમાધિ ગણાય છે. ઇષ્ટનામસ્મરણ–રટણ સાથે થતો પદસંચાર એટલે કે ગતિ પ્રભુની કે પ્રભુના મંદિરની પ્રદક્ષિણા બની રહે છે. ટૂંકામાં એ સજ્જન આ રીતે હરિમના થઇને જે જે કર્મ કરે છે તેનાં તે સર્વ કર્મ સ્વયં અચ્યુત નારાયણની આરાધના બની રહે છે. પછી ભલે તેનું તે કર્મ કે કાર્ય મોચીનું હોય, દરજીનું હોય, કુંભારનું હોય કે કસાઇનું હોય. જપને જપ કરનારના દેહ કે તેની જાતિ, વર્ણ, આશ્રમ કે વ્યવસાય સાથે કોઇ સંબંધ નથી. આ પાઠ શીખવવાને માટે જ પછાત ગણાતી કોમોના કેટલા બધા સંતો–ભક્તો થઇ ગયા છે!

ધ્રુવ અને પ્રહ્લાદ તો નાનાં બાળકો હતાં પરંતુ દેવર્ષિ નારદની કૃપાથી ધ્રુવે છ જ માસમાં અને પ્રહ્લાદે તો પોતે માતાના ગર્ભાશયમાં હતા ત્યારથી જ જપમંત્ર મેળવીને સિદ્ધિને પામેલા. ઉપમન્યુ તો સાવ ભોળો અને અજ્ઞાન બાળક હતો. એની અણસમજ ભરેલી જેવીતેવી વિધિહીન સેવાથી શિવજી પ્રસન્ન થયા અને દૂધનો દરિયો છલકાવ્યો. લૂંટારુ વાલ્મિક તો ઉલટા નામનો (મરા મરા) જપ કરતો હતો. ભાગવતમાં મૃત્યુ સમયે પુત્ર પ્રત્યેની આસક્તિના કારણે 'નારાયણ'ના નામનો પોકાર કરવાથી અજામિલને જીવનસુધારની તક મળી ગઇ. ઉપનિષદ્ની કથામાં સ્પષ્ટ સૂચવાયું છે કે–



જપાત્ સિદ્ધિઃ જપાત્ સિદ્ધિઃ।।

શ્રીમદ્ ભાગવત્માં દશમા સ્કંધમાં ૧૦ મા અધ્યાયમાં બાળકૃષ્ણે ગોળી ફોડી. જશોદા મા ખીજાયાં. અખિલ બ્રહ્માંડમાં જેને કોઇ બાંધી શકે તેમ નથી અને જે બંધનમાંથી મુક્તિ આપનાર છે એવા પરબ્રહ્મ પરમાત્મા માતાના હાથે દામણિયાથી ખાંડણિયા સાથે બંધાયા. તેમને બાંધીને માતા તો ગૃહકાર્યમાં લાગી ગયાં. બાલકૃષ્ણ તો ઉખણને ઘસડતા ઘસડતા બે આંજણિયાના જોડિયા ઝાડની વચ્ચે ભરાવી જોરથી એવો આંચકો માર્યો કે નારદના શાપથી વૃક્ષયોનિને પામેલા નળકૂબર અને મણિગ્રીવ નામના બે કૂબેર પુત્રોએ મૂળ સ્વરૂપે પ્રકટ થઇ ભગવાનની ૧૦ શ્લોકોમાં સુંદર સ્તુતિ કરી છે. તેમાં તેમણે વરદાન માંગ્યું છે:–

"વાણીગુણાનુકથને શ્રવણૌ કથાયામ્।
હસ્તૌ ચ કર્મસુ મનસ્તવ પાદયોર્નઃ।।
સ્મૃત્યાં શિરસ્તવ નિવાસજગત્પ્રણામે।
દૃષ્ટિઃ સતાં દર્શનેઽસ્તુ ભવત્તનૂનામ્।।"

આ યક્ષબંધુઓની પ્રાર્થના આપણી સૌની પ્રાર્થના છે.

"હે પ્રભો! અમારી વાણી આપના ગુણો ગાવામાં, અમારા કાન આપની કથા સાંભળવામાં, અમારા હાથ આપની સેવા કરવામાં, અમારું મન આપના ચરણ–સ્મરણમાં, અમારું માથું આપના નિવાસરૂપ જગતને પ્રણામ કરવામાં અને અમારી દૃષ્ટિ આપની મૂર્તિઓ–વિભૂતિઓરૂપ સત્પુરુષો–સંતોના દર્શનમાં સદાય તત્પર રહેજો."

આથી જ શ્રીકૃષ્ણ ભગવાને ગીતા (૧૦–૨૫) માં ગાયું કે–

યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ

---

કોઠી કચેરી સામે, રાવપુરા, વડોદરા–૩૯૦૦૦૧

જો વિલાસ અને ઇન્દ્રિયોનાં સુખમાં તમે તમારો સમય નષ્ટ કરશો, તો તમે સલામત નથી રહેવાનાં.

સફળતાનો પહેલો સિદ્ધાંત છે કામ. કામ અને વિશ્રામહીન કામ.

નાના બનવું જેટલું સહેલું છે, એટલું જ મહાન બનવું પણ સહેલું છે.

વાસ્તવિક રીતે દાન એજ પ્રાપ્તિનો ઉપાય છે.

રીંછને પકડી લેવું સહેલું છે, પણ તેનાથી બચવું મુશ્કેલ છે.

**સ્વામી રામતીર્થ**



# રગ્બીના કલ્યાણ પ્રાર્થના મંદિરની અમૂલ્ય ભેટ

ગુરુપૂર્ણિમા નિમિત્તે ઇંગ્લેન્ડના રગ્બી શહેરના કલ્યાણ પ્રાર્થના મંદિરના ભાવિક ભક્તોએ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીને ૬૩ પાઉન્ડની (અંદાજે રૂ.. ૧૬૪૦ ની) ભેટ મોકલાવેલ. પૂ. માએ એ ભેટની રકમ પોતે ન રાખતાં, અધ્યાત્મને આપી દીધી. તેની વિગત નીચે પ્રમાણે છે:–

રૂ.

૫૨૭ શ્રી અંબાલાલભાઇ મિસ્ત્રી (૨૦ પા. ૨૫ સે.)
૨૯૩ શ્રી મોરારભાઇ મિસ્ત્રી (૧૧ પા. ૨૫ સે.)
૨૯૩ શ્રી ગણપતભાઇ મિસ્ત્રી (૧૧ પા. ૨૫ સે.)
૨૬૭ શ્રી રતિભાઇ મિસ્ત્રી (૧૦ પા. ૨૫ સે.)
૧૩૦ ગં. સ્વ. શ્રી મણિબેન ખુશાલભાઇ (૫ પા.)
૧૩૦ શ્રી કેશવભાઇ ટેલર (૫ પા.)

આ સહુ ભાઇબહેનોને સત્કર્મ બદલ અભિનંદન ઘટે છે. તેમની મદદનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

લેસ્ટર (યુ. કે.) ના શ્રી પ્રભુભાઇ પટેલ તથા શ્રી રૂક્ષ્મણિબેને ગુરુપૂર્ણિમા પર અધ્યાત્મને રૂ. ૬૫૦ (પાઇન્ડ ૨૫) ની ભેટ મોકલાવી છે. તેમની આવી સારી ભાવના બદલ અભિનંદન.

# ગુજરાતમાં પ્રગતિનો આવિષ્કાર

## મંત્રીમંડળના ચાર વર્ષની સિદ્ધિઓ

ગુજરાતમાં સત્તાનાં સૂત્રો ગ્રહણ કર્યાનાં માત્ર ચાર વર્ષોમાં મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ જેને એક ચમત્કાર જ કહી શકાય તેવી રીતે ભૂતકાળ માત્રને ભૂલવી દઇ, આશ્ચર્ય પ્રેરે એવો એક નવો મોડ ગુજરાતના બનાવોને આપ્યો છે.આજ પુનઃગુજરાત રાષ્ટ્રમાં મોખરે આવી વિકાસનાં લગભગ તમામ ક્ષેત્રોમાં તે અગ્રણી બની રહ્યું છે.

આ ચમત્કારને મૂર્ત સ્વરૂપ આપવા એની જનતા, એના વહીવટી તંત્ર અને તેના નેતાઓએ તમામ સ્તરે અવિશ્રાંત તમામ પ્રયાસો કર્યાં છે. અને જુલાઇ ૬, ૧૯૮૫ ના રોજ નિર્ધારીત કરેલ ધ્યયને હાંસલ કર્યું છે.

ગુજરાત અગાઉ ઉન્નત મસ્તકે જે સ્થાને ઉભુ હતું તે જગ્યાએ આજે ફરી પહોંચી ગયું છે.એક ધબકતું અર્થતંત્ર, સ્વવિશ્વસ્ત નાગરિકત્વ અને પ્રજાકીય સરકાર સમયની જરૂરતોને પ્રતિસાદ આપી રહ્યાં છે.રાજ્યના આશાસ્પદ વાતાવરણને જાણે કે અનુરૂપ હોય તેમ વહેલા આગમનથી વરસાદે પણ મહેર કરી છે.જળાશયો ભરાઇ રહ્યાં છે અને રાજ્યના ઘણા વિસ્તારોમાં વાવણીનો પ્રારંભ થઇ ચૂક્યો છે.

## પંચાયતી રાજ

બીજી બાજુએ પંચાયતી રાજની દિશામાં પણ ગુજરાત દેશમાં આગેવાની પૂરી પાડી રહ્યું છે. વિકાસ પ્રવૃત્તિઓને ગ્રામ ગરીબોના દ્વાર સુધી લઇ જવાઇ છે. ગત ૨૫ વર્ષોથી રાજ્ય પંચાયતોની ચૂંટણીઓ નિયમીત રીતે કરી રહ્યું છે. ૧૯ જિલ્લા પંચાયતોમાં ૭૪૦ બેઠકો છે. જેમાંની ૨૪૦ અનામત રખાઇ છે. જેમાંથી ૫૪ અનુસૂચિત જાતિઓ માટે, ૧૧૩ આદિ જાતિઓ માટે અને ૭૩ સ્ત્રીઓ માટે, નિયમિત ચૂંટણીઓ સાથે વિકેન્દ્રીત આયોજનનો પણ અમલ થઇ રહ્યો છે. જે રાજ્યની યોજનાનો ૧/૩ હિસ્સો ધરાવે છે.તાજેતરની સર્વેક્ષણ અનુસાર આવી ફાળવણીનાં ફળ નીચે પ્રમાણે વિતરીત છે.

૧૨, ૪૩૬ શાળાના ઓરડાઓ બાંધવામાં આવ્યા.

૧૨,૪૩૪ પાણી પૂરવઠાનાં નવા કાર્યો કરાયાં.

૨,૮૮૭લીંક રસ્તાઓ અને ૪,૧૨૭એપ્રોચ રસ્તાઓ બંધાયા.

૩૬૭જેટલી બંધ પડેલી ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓને પુનઃ કાર્યરત કરાઇ અને

૧,૩૩૨ગામોનું વીજળીકરણ કરાયું.

## લોકાભિમુખ વહીવટ

લોકાભિમુખ વહીવટ પ્રત્યેના સંગીન પ્રયત્નોના કારણે ગુજરાતે રાષ્ટ્રમાં એક વધુ મહત્ત્વનું મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તાજેતરના સમયમાં નેતાઓમાં આ પ્રથા પ્રચલિત બની એ અગાઉ મુખ્યમંત્રી શ્રી ચૌધરીએ "જનસંપર્ક અભિયાન" કે "લોક દરબાર"ના નામથી અજાણીતો આ કાર્યક્રમ અમલી બનાવ્યો.

લોક દરબાર એ ગ્રામસભાનું સંસ્કરણ છે એક સમયે રાજ્યમાં મજબુત પંચાયતી રાજ્ય માટે પ્રસંગોપાત્ત બીના ગણાતી હતી. મુખ્યમંત્રી શ્રી ચૌધરી દ્વારા એની પુનઃ જાગ્રતિ સાથે દૂરદૂરના ગામોમાં લાંબા સમયથી નીવડેલી આ પ્રણાલિને લોકોના સુખ માટેના કાર્યો હાથ ધરવા સુવાહી બનાવાઇ છે.આથી ગ્રામ જનતા એમના પ્રશ્નોને રાજ્યના શાસનકર્તાઓ સમક્ષ પ્રત્યક્ષ રીતે રજુ કરી શકે છે.આવા સુખદ પ્રસંગોએ મુખ્યમંત્રી શ્રી ચૌધરી જાતે માઇક પોતાના હાથમાં લઇને મહત્ત્વના પ્રશ્નોએ એકત્રીત થયેલી ગ્રામજનો પોતે પ્રશ્નો કરે છે. પ્રશ્નો જેવા કે, સસ્તા અનાજની દુકાનોએથી આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની પૂરતી ઉપલબ્ધી, બાળકો માટેની મધ્યાહ્‌ન ભોજન શાળાઓ અને શિક્ષકોની પરિસ્થિતિ, ખેડૂતોના પ્રશ્નો અને જમીન દફતરના પ્રશ્નો સહિત એ તમામ પ્રશ્નો જે ગ્રામસમૂહોને તકલીફ આપે તેવા ગણાય છે આ પ્રશ્નો ત્યાં જ હાથ ધરાય છે, પહેલાં ગ્રામકક્ષાએ સરપંચ અને તેમના કાર્યકરો સાથે અને પછી તેમને જિલ્લાના વહીવટીતંત્ર સાથે, મુખ્યમંત્રીશ્રી ચૌધરીની નિયમિત મળતી બેઠકમાં આમાં પોલીસ અધિકારીઓ અને બિન પદાધિકારીઓ જેમાં દરેક જિલ્લાના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે, તેઓ ઉપસ્થિત રહે છે પછી છેલ્લે મુખ્યમંત્રી શ્રીની કચેરીમાં રખાયેલા ખાસ કોમ્પ્યુટર સેલમાં નાના-મોટા તમામ પ્રશ્નો ઉપર કામગીરી થાય છે અને નીતિ વિષયક નિર્ણયો લેવાય છે અને તે બાદ તેને અનુસરતા વૈજ્ઞાનિક ઉકેલોના પગલાં હાથ ધરાય છે.

# સદ્‌ભાવભરી ભેટ (ચાલુ)

૧૧ શ્રી સી. એ. ત્રિવેદી, બોરીવલી ઈસ્ટ, મુંબઇ.
૧૦૦ શ્રી રામદાન નારણદાન મીસણ, મોરબી.
૧૧ કુ. ધરા રાજેન્દ્ર જાની, જેતપુર.
૧૧ કુ. કૃપા (નિહલ) રાજેન્દ્ર જાની, જેતપુર.
૧૧ શ્રીમતી ઉર્વશી રાજેન્દ્ર જાની, જેતપુર, જન્મદિન નિમિત્તે.
૫૧ શ્રીમતી કૈલાસબેન કંચનલાલ પટેલ, સુરત.
૧૭૫ ડૉ. જયેશ એન. પટેલ, માસમા.
૧૧ શ્રી કૃષ્ણકાંત ભગવાનદાસ પરીખ, કાંદીવલી.
૧૧ શ્રી અંબાલાલ મિસ્ત્રી, ડાકોર.
૫૧ શ્રી હરીશભાઇ એમ. કોન્ટ્રેક્ટર, વડોદરા. નવા રહેઠાણમાં પ્રવેશ નિમિત્તે.
૫૧ શ્રી ચંદ્રકાન્ત પંડ્યા, રાજકોટ. ભાઇ સંજય બારમામાં પાસ થતાં.
૨૧ એક સાધક તરફથી.
૫૧ શ્રી ચંદ્રકાન્ત પ્રાગજી પટેલ, ગાંગડીયા. ચિ. સંકેતના જન્મદિન નિમિત્તે.
૧૦૧ શ્રી રવજીભાઇ મેઘજીભાઇ, કલોલા. ખોરાસાગીર.
૨૧ શ્રી શાન્તાબેન નગીનદાસ રામી, સુરત.
૫૧ શ્રી રામજીભાઇ મગનભાઇ ઠોરિયા, તરધરી.
૫૧ શ્રી પ્રવીણચંદ્ર સોરઠિયા, સુરત.



૫૧ શ્રીમતી કલાવતી પ્રવીણચંદ્ર સોરઠિયા, સુરત.
૧૧ ખોવાયેલી માળા મળી તેને નિમિત્તે.
૧૦ શ્રી યતીનકુમાર ભગવતીભાઇને કે.જી. માં પ્રવેશ મળ્યો તે નિમિત્તે.
૧૧ શ્રીમતી જસુબેન રંગીલદાસ સોરઠીયા, સુરત.
૫૧ શ્રી રમેશભાઇ દુર્લભભાઇ, દીગસ.
૩૭ વડોદરાના એક સાધક તરફથી.
૧૦૧ ગં. સ્વ. હરિગંગા મગનલાલ જાની, વડોદરા.
૨૫૧ શ્રી જયાબેન મોતીભાઇ પટેલ, અમદાવાદ.
૫૧ શ્રી ચંદ્રવિદ્યા બી. મિસ્ત્રી, છોટા ઉદેપુર.
૨૧ કુ. મોના મધુસૂદન પુરોહિત, ધોરણ ૧૨માં પાસ થતાં.
૧૦૧ શ્રી યોગેશ્વર ટ્રેડીંગ કું. વડોદરા. સોનલ ડી. શાહ, એસ.એસ.સી.માં પ્રથમ વર્ગમાં પાસ થતાં.
૫૧ શ્રી કાન્તિભાઇ ભીમજીભાઇ પરીખ, વડોદરા.
૫૧ શ્રી વિજયસિંહ રાણા, વડોદરા.

---

"સત્સંગ, ઉત્તમગ્રંથ અને ભજનકીર્તન એ ત્રણ વસ્તુઓ ત્રિલોકના રાજા બનાવી દે છે."

"ભક્તપુરુષો નિર્ધન તથા સાધનરહિત અવસ્થામાં પણ બાદશાહી ભોગવે છે. દ્રવ્ય વિના પણ ભક્તિ બંને લોકના બાદશાહ બનાવે છે."

તો તે એવું કરવાની છે કે, જેમાં મારા શ્વાસોચ્છ્વાસ પરમાત્માની સેવામાં અર્પણ કરું. પરમાત્માની સેવા લોકોની સેવા કરવાથી થાય છે.

**સ્વામી રામતીર્થ**

## ક્યારે?

સ્મશાને લાકડાં પહોંચ્યાં,
ટળી ના વાસના–રતિ!
તૃષ્ણા તો તરૂણી નિત્ય,
કશી માનવ–દુર્ગતિ!

બુદ્ધિની તરણી તારે?
ભક્તિ–વૈરાગ્ય યાન વા?
અનુગ્રહ વિના વ્યર્થ,
સાધનો સૌ નવાં નવાં!

વત્સને માતમાં શ્રદ્ધા,
પંખીને પરમેશમાં;
જીવને શિવમાં જાગે,
એક અદ્વૈત તત્ત્વમાં.

'હું'ના આવરણે ઢાંક્યો,
દિવ્ય–ચૈતન્ય–વારિધિ;
ખગ્રાસે રવિની જેમ,
ગર્ભને ઓર સંનિધિ.

અવસર આવશે ક્યારે?
ટળે ચોર્યાસી ચક્ર આ;
ધન્ય જીવનની વેળ,
અવ્યક્તે વ્યક્ત એ થવા.

ડૉ. રણજિત પટેલ (અનામી)



# સંત શ્રી તેજાનંદ સ્વામી

સંકલન : કનૈયાલાલ ઝિંઝુવાડિયા

તેજાનંદ સ્વામી પદ્મનાભ બ્રાહ્મણને અનુગ્રહ કરી ત્યાંથી ચાલી નીકળ્યા. કેટલાક સમય પછી પાટણ નિકટ આવી પહોંચ્યા. શહેર બહાર જંગલમાં એક વિશાળ વૃક્ષ નીચે આસન માંડી ઘડીભર સંત ધ્યાનમગ્ન બની ગયા. પ્રેમ લગનીમાં એકાગ્ર બનેલા સંતને સમયનું ભાન રહ્યું નહિ.

તે સમયે પાટણમાં નવાબી રાજ્ય હતું. વિધર્મી સિપાહીઓ ઘોડેશ્વાર થઈ બેફામ અશ્વ દોડાવતા સંત ધ્યાનમગ્ન બની બેઠા હતા ત્યાં આગળથી વિચર્યા. સંતના શરીર ઉપર અશ્વની લાતનો દુ:ખદાયક પ્રહાર થયો. ધ્યાનમગ્ન બનેલા સંત જાગી ઊઠ્યા. ઘોડેશ્વાર સિપાહીઓને સંબોધી આવેશમાં સંત બોલી ઊઠ્યા:–

"ભલા માણસો! તમે કેટલી બેપરવાહીથી અશ્વ ચલાવી રહ્યા છો! ઇન્સાન થઈ ઇન્સાનની પણ પરવા કરતા નથી એ ક્યા પ્રકારનું અંધેર ચલાવી રહ્યા છો?"

સાધુના શબ્દો શ્રવણ કરતાં ચોરી પર શિરજોરી કરતા સિપાહીઓ ઊલટા સંત ઉપર કોપી ઊઠ્યા અને અશ્વ પરથી નીચે ઊતરી સંતને પ્રહાર કરવા લાગ્યા.

ધૈર્ય અને ક્ષમાની પણ હદ હોય છે. અંતે સાધુના મુખમાંથી શબ્દો નીકળ્યા:–

"ઓ હેવાનો! તમે જ્યાં છો ત્યાંજ ઊભા રહો. ખબરદાર! એક કદમ પણ આગળ વધ્યા છો તો?"

સંતના મુખમાંથી શબ્દો નીકળતાંની સાથે જ માતેલા સિપાહીઓ જ્યાં ઊભા હતા ત્યાંજ, કાષ્ટની પૂતળીઓ જેમ મંડપમાં ઊભી કરેલી હોય તેમ, જડવત્ બની જ્યાંના ત્યાં સ્થિર થઇ ગયા!

એક ઘોડેશ્વાર જે ઘણે દૂર નીકળી ગયો હતો તે પાછો આવ્યો અને એણે આ અજબ તમાસો નીહાળ્યો. એ તો આભો જ બની ગયો! એટલે ત્યાંથી અશ્વને દોડાવતો પાટણમાં પ્રવેશ્યો. મહાલયે જઇ વિનયથી કુરનિસ બજાવતાં સિપાહીઓની અવદશાની સર્વ હકીકત કહી સંભળાવી. તે શ્રાવણ કરતાં તરત જ નવાબ મુસાખાન ફોલાદી ઘોડેશ્વાર થઇ સિપાહીની સાથે સંતના સ્થાને આવી પહોંચ્યા.

જોયું તો સર્વ સિપાહીઓ કાષ્ટવત્ ઊભા હતા. એ મતવાલા સાધુની અજબ કરામત નિહાળતાં નવાબે દીનતાથી સંતના ચરણમાં મસ્તક નમાવ્યું અને પોતાના સિપાહીઓના અપરાધની ક્ષમા માંગતા કહ્યું, "ગરીબનવાજ! હમો આપના શરણમાં આવ્યા છીએ. હૃદયમાં દયા લાવી અમારા ઉપર રહમ કરો!"

સંતો દયાના સાગર હોય છે. સમદર્શી અને રાગદ્વેષથી પર હોય છે. નવાબનાં વિનયયુક્ત વેણ શ્રાવણ કરતાં દયાનિધિ સંતે અમીદૃષ્ટિ કરી, એટલે જડવત્ બનેલા સિપાહીઓ પૂર્વવત્ સચેત બન્યા.

પોતાના અપરાધની ક્ષમા માગતાં સંતના ચરણમાં શિર નમાવી વિદાય થયા.



નવાબે સંતને માટે કાંઇક બંદોબસ્ત કરવા કહ્યું, પરંતુ નિષ્કામી સંતે સાફ ઇન્કાર કર્યો એટલે તે પણ અશ્વે ચઢી પાટણ તરફ પ્રયાણ કરી ગયા.

સંતના અલૌકિક પ્રભાવની જાણ થતાં પાટણમાં ભારે શોર મચી ગયો. હિન્દુ સંતનાં આગમનના સમાચાર શ્રાવણ કરતાં પ્રેમઘેલા લોકોનાં ટોળેટોળાં શહેર બહાર સંતના દર્શન માટે દોડી આવ્યાં. વિનયથી સંતના ચરણમાં શિર નમાવતા કૃતાર્થ થવા લાગ્યા.

સાયંકાળ થયા છતાં હજુ લોકોનાં ટોળાં શહેર બહાર આવતાં હતાં. જંગલમાં મંગલ બની ગયું. એકાંતપ્રિય સદ્‌ગુરુ માનવમેદની નિહાળતાં ગહન વિચારમાં પડી ગયા. અંતે નિર્ણય કર્યો કે, "આ સ્થળે હવે વિશેષ સમય રહેવું ઉચિત નથી."

રાત્રિનો અંધકાર છવાયો એટલે ઉભરાતી માનવમેદની શાંત થઇ ગઇ. સર્વે પોતપોતાના નિવાસે વિદાય થયા.

પ્રાત:કાળ થતાં પહેલાં સંતે આસન ઉઠાવ્યું અને ત્વરાથી ચાલી નીકળ્યા.

સવાર થતાં ગઇ કાલની જેમ આજે પણ લોકોનાં ટોળાં ઉભરાયાં પરંતુ સંતને નિહાળ્યા નહિ. ખૂબ તપાસ કરવા છતાં તેમનો ક્યાંય પત્તો ન લાગવાથી તેઓ મ્લાન વદને પાટણમાં પાછા ફર્યા.

ઉનાળાના દિવસો હતા. ધગધગતા તવાની જેમ ધરતી તપી રહી હતી. એવા ધીગતા મધ્યાહ્‌ને સંતનું વીસનગર ભણી આગમન થયું. એ મહાપુરુષને માર્ગે વિચરતા જોતાં જ મકનાજી

નામના આહિર ભક્તના હૃદયમાં પ્રેમાનુરાગ પ્રગટ્યો. વિમલ હૃદયનો આહિર પોતાના વાડામાં બાંધેલી દૂધમલ ગાયનું દૂધ દોહી રહ્યો હતો. તેમાંથી એક લોટો દૂધ ભરી હાથમાં લઈ બહાર નીકળ્યો અને ત્વરાથી દોટ મૂકતો સંતની સમીપ પહોંચી ગયો.

"મહારાજ! તમે બહુ દૂરથી આવતા લાગો છો! ગ્રીષ્મના આવા પ્રખર તાપમાં તમને પ્યાસ લાગી હશે. કૃપા કરી આ પયપાન કરો!" કહેતાં સરળ હૃદયના આહિરે દૂધનો લોટો સંતના હાથમાં આપ્યો.

આહિર ભક્તના એ પ્રેમપ્રસાદનું સંતે પાન કર્યું. સંતે પોતાની વિનંતિ કબૂલ રાખી, એ જોતાં જાણે અનુગ્રહ થયો હોય તેમ આહિરના રોમરોમમાં આનંદ છવાઈ રહ્યો. તે હર્ષિત વદને બોલી ઊઠ્યો.

"મહારાજ! આવા ધીકતા મધ્યાહ્ને આમ ક્યાં જાઓ છો? મારો વાડો સામે દેખાય છે ત્યાં પધારી જરા વિશ્રાંતિ કરો!" ભક્તના સાચા હૃદયના પ્રેમાગ્રહનો સંત ઇન્કાર કરી શક્યા નહિ, એથી પ્રેમાધીન પ્રીતમ આહિરની પાછળ પાછળ ચાલતા તેના નિવાસ સ્થાને આવી પહોંચ્યા. આહિરે વાડામાં ખાટલો ઢાળી તેના ઉપર પાથરણાં પાથરી સંતને વિરાજમાન કર્યા અને પોતે ઘડીભર સંતના સમાગમમાં બેઠો.

એ અલ્પ સમયમાં તો વિવેકી આહિરાણીએ દૂધનો શીરો બનાવી થાળ પીરસી લાવી સંતના ચરણમાં ધર્યો. સાધુપુરુષ એ સંસારીના વિવેકથી અવાક્ બની ગયા.

"મહારાજ! તમે બહુ દૂરથી આવ્યા છો. ભૂખ પણ કકડીને લાગી હશે, પ્રભુ! પહેલાં આ પ્રસાદ લો પછી શાન્તિથી



વિચરણ કરજો!" આજ્ઞાંકિતની જેમ આહિરાણીના શબ્દોનું પાલન કરતાં સંતે પ્રસાદ પણ આરોગી લીધો.

આહિરના હૃદયમાં જાણે પ્રેમાબ્ધિ છલકાઈ રહ્યો હતો. પોતાના આંગણે સંત પધાર્યા. પોતાનું આંગણું પાવન થયું. સંતનાં દર્શન કરી પોતે જાણે ધન્ય થઈ ગયો હોય તેમ પ્રેમોલ્લાસમાં મલકાઈ રહ્યો હતો ત્યારે સંત ગહન વિચારમાં ડૂબકા ખાઈ રહ્યા હતા. પોતે એક સંસારી જીવનો પ્રસાદ આરોગ્યો હતો, એવા આતિથ્યપ્રેમી ભક્તનુ કલ્યાણ શી રીતે કરવું? જો આવા દયાવાન ભક્તને વૈરાગ્યની વસમી વાટે વળાવે તો સંસારમાં ભારે ખોટ પડી જાય. આવા ભક્તોથી તો સંસાર સોહામણો બની રહે. એનું તો સર્વદા કલ્યાણ જ થવું જોઈએ! દૃઢ સંકલ્પ કર્યા પછી સંત પોતાના આસનેથી ઊઠ્યા.

સંતને વિદાય થતા જોઈ પ્રેમાશ્રુ વહાવતો આહિર સંતના ચરણમાં ઢળી પડ્યો. "તમારું સર્વદા કલ્યાણ થાઓ! સંત સેવામાં તમારો જે પ્રેમ છે તે અનન્ય બની રહો!" કહેતાં પોતાનો વરદ હસ્ત તેના શિર ઉપર સ્થાપતાં સંતે શુભાશિષ આપ્યા. એટલે આહિરાણીએ પણ સંતના ચરણમાં શિર નમાવ્યું.

"દેવી! સંસારમાં તમે સાચે જ ન્યાલ થઈ જશો!" કહેતાં શુભાશિષ આપતાં સંતે ઉભય દંપતીનું સર્વ પ્રકારનું દારિદ્ર વિદારી નાખ્યું.

સંત ચાલી નીકળ્યા. વિદાય થતાં સંતને અશ્રુભર્યાં નયને ભક્ત દંપતી નિહાળી રહ્યાં. એ પાવન પુરુષ ઘણે દૂર ગયા. આંખોથી અગોચર થયાં. વીસનગરનો ત્યાગ કરી સંત દૂર દૂર નીકળી ચાલી ગયા.

બીજા દિવસનો પ્રાતઃકાળ થતાં આહિર ભક્તના ગૃહમાં જાણે નવે નિધિ છલકાઇ રહી. પોતાની પેઢીની પેઢી સુધી ખાતાં ખૂટે નહિ એટલી અઢળક સંપત્તિથી પોતાનું સ્થાન ઊભરાઇ રહ્યું હતું.

ઘડીભરની સંત સેવાથી પોતાનું જીવનભરનું દારિદ્ર દૂર થયું હતું. પોતે એ સંતપુરુષને યથાર્થ ઓળખી શક્યા ન હતા એટલે પસ્તાવો કરતા આહિરે દૂર દૂર સુધી માણસો દોડાવી સંતની શોધ કરાવી. પોતે પણ શોધીને થાક્યા પરંતુ ક્યાંય પત્તો લાગ્યો નહિ.

નિજગૃહે આવી સંતની કૃપાથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો સન્માર્ગે વ્યય કરતાં મોકળા હૃદયે મકનાજીએ પોતાને આંગણે સદાવ્રત માંડી સંત અતિથિનો સત્કાર કરવાનો વ્યવસાય આદર્યો.

સંત મિલે યહ સબ મિટે, કાળ જાળ–જમ ચોટ;
શીશ નમાવી ગીર પડે, સબ પાપ પાપનકી પોટ.

(ક્રમશઃ)

ઘરને બદલે વૃક્ષની છાયા, વસ્ત્રોને બદલે વિભૂતિ, શય્યાને બદલે ભૂમિ અને ખાવાને માટે ભિક્ષાન્ન મળે, તો પણ હું અત્યંત આનંદ માનું છું.

મનુષ્ય બે કાર્ય કદી એક સાથે કરી શકે નહિ.

તમારી જાતને બચાવવા જતાં, એટલે કે સાચવી રાખવા જતાં તમે પોતે જ નાશ પામશો.

**સ્વામી રામતીર્થ**



# રામકથા

**શ્રી યોગેશ્વરજી**

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતાને એ અદૃષ્ટપૂર્વ દૃશ્ય જોઇને ભારે નવાઇ લાગી. મહર્ષિએ એના મનોભાવોને માપી લઇને કહ્યું : 'એમાં નવાઇ પામવા જેવું કશું જ નથી. પ્રત્યેક પ્રાણીમાં આત્માનો પરમ પ્રકાશ પથરાઇ રહ્યો છે. એ પ્રકાશનો પરિચય કરતાં આવડે તો પ્રત્યેક પ્રાણી સાથે આત્માની અંતરંગ એકતાનો અનુભવ કરી શકાય છે. એવો અનુભવ સ્વાભાવિક બની જાય છે.

"આ વાઘ આત્મિક રીતે અત્યંત અસાધારણ લાગે છે. બીજા વાઘ કરતાં તે તદ્દન જુદો પડી જાય છે. છેલ્લા કેટલાય દિવસોથી તે અહિં દિવસમાં એકવાર રોજ આવે છે. આવીને અહિંના વાતાવરણમાં થોડીકવાર બેસે છે. ત્યારે જ એને શાંતિ મળે છે. એણે જાણે કે અહિંસક વ્રત કર્યું હોય તેમ એ શાંતિથી બેસી રહે છે."

મસ્તકને નીચે નમાવીને વાઘ જાણે કે મહર્ષિને પગે લાગ્યો, એટલે મહર્ષિએ આગળ કહ્યું : "જંગલના આવા વાઘનો મનુષ્યને ભય લાગે છે પરંતુ વિશ્વમાં સૌના તરફ મૈત્રીભાવથી જોનારા અમને કોઇનો ભય નથી લાગતો. આવા વાઘ કરતાં વધારે વિકરાળ વાસનારૂપી વાઘ મનુષ્યના મનમાં ફરી રહ્યા છે. તેનો ભય નથી લાગતો અને તેને વશ કરવાનો પુરુષાર્થ નથી થતો એ આશ્ચર્ય છે. એવી વાસનાના વ્યક્તરૂપ જેવા મહાભયંકર રાક્ષસો સાથે ભવિષ્યમાં તમારે લોકહિત માટે લડવું પડશે. પરંતુ રામ, એમાં તમને વિજય મળશે. પંચવટીના

પવિત્ર પ્રદેશમાં વસીને તમે એ પ્રદેશને વિશેષ પવિત્ર કરશો ને મહિમા ધરશો એ તો સાચું જ, પરંતુ ઋષિમુનિઓના પરિવારને પ્રસન્ન કરશો. પંચવટીનું પવિત્ર સ્થાન તમારા, સીતાના ને લક્ષ્મણના જીવનમાં અવનવી ક્રાંતિ કરનારું સાબિત થશે. મુશ્કેલી કસોટી આવશે પરંતુ તમારી સત્યની નિષ્ઠા તમને તેમાંથી સહીસલામત પાર ઉતારશે. મારો આશીર્વાદ છે"

## જટાયુ અને શૂર્પણખા

ચિત્રકૂટનો ત્યાગ કરતી વખતે રામનું હૃદય ભરાઇ આવ્યું. એમણે લક્ષ્મણ તથા સીતાને સંબોધીને કહ્યું : "થોડા વખતના આ સ્થળે આપણા પર આવું અસાધારણ જાદુ કરી દીધું છે એની ખબર તો આજે જ પડી. ચેતન પદાર્થો પોતાના પ્રેમ અને પ્રભાવથી અંતરને અનેરી અસર કરી જાય છે એ તો આપણે સાંભળ્યું અને અનુભવ્યું છે, પરંતુ જડ તત્ત્વોમાં પણ હૈયાને સ્પર્શવાની ને હલાવવાની આવી અદ્‌ભુત શક્તિ છે એ તો આજે જ જાણ્યું."

સીતાએ પણ રામની લાગણીમાં સૂર પૂરાવતાં કહ્યું : "આ સરસ સ્થળને છોડતી વખતે કોઇક સ્વજનને છોડીને જતી હોઉં એવું મને લાગ્યા કરે છે. આ સુંદર સ્થળને આપણાથી એટલી સહેલાઇથી કદી પણ નહિ ભૂલી શકાય. એના સંસ્મરણો આપણા જીવનમાં એવાં તો સંમિશ્રિત થઇ ગયાં છે કે વાત નહિ. અયોધ્યાની પેઠે આ સ્થળે પણ આપણને અત્યંત પ્રેમપૂર્વક આશ્રય આપ્યો અને અનેક અવનવા અનુભવ કરાવ્યા."

અયોધ્યાનું નામ આવતાં લક્ષ્મણને ભરત અને ઊર્મિલા તથા માતાઓનું સ્મરણ થયું. એણે સહજભાવે જ કહ્યું : "ભરત, ઊર્મિલા અને માતાઓ અયોધ્યામાં કુશળ તો હશે ને ? અયોધ્યાના નામના શ્રવણ સાથે એમનું સ્મરણ આપોઆપ થઇ રહે છે. ભરત તથા ઊર્મિલાને આ સ્થળ ઘણું જ ગમતું'તું."



રામે હસીને કહ્યું : "એમને આ સુંદર સ્થળ ગમતું'તું એ તો સાચું પરંતુ એથી પણ આપણું સાન્નિધ્ય વધારે ગમતું'તું. એનું કારણ એમનો આપણા પ્રત્યેનો પ્રખર પ્રેમ હતો. એવો પ્રેમ પૃથ્વીમાં બીજે ક્યાંય ના મળે. પરંતુ અયોધ્યાની વાત આવે છે ત્યારે મને એ સૌની સાથે આપણા પૂજ્ય પિતા દશરથનું સ્મરણ થાય છે. એમનો આપણે માટે અનુરાગ કેટલો અજબ હતો ! મહર્ષિ વિશ્વામિત્રની સાથે આપણને એમના અરણ્યના એકાંત આશ્રમમાં મોકલતાં એ કેટલા બધા લાગણીવશ બની ગયેલા ? આપણા લગ્ન વખતે પણ કેટલા ભાવવિભોર બનીને મિથિલાનગરીમાં દોડી આવેલા ? એ વખતનો એમનો આનંદ કેટલો બધો અલૌકિક હતો ? અને આપણે વનમાં આવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે એમની વેદના કેટલી બધી વધી પડેલી ? એ વેદનાએ એમના કોમળ કાળજાને કોરી ખાધું. અત્યંત અફસોસની વાત છે કે હવે આપણને એમના દર્શનનો લાભ નહિ મળી શકે. એમની મમતાથી ભરેલી મીઠી મુખાકૃતિને હવે આપણે નહિ જોઇ શકીએ, અને એમની પ્રેમથી પરિપ્લાવિત થયેલી વાણીનું શ્રવણ પણ નહિ કરી શકીએ."

એટલું કહેતાં કહેતાં તો રામની આંખ ભરાઇ આવી.

એમનો કંઠ રૂંધાઇ ગયો.

એમની વાણી આગળ ના વધી શકી.

સીતાની સ્થિતિ પણ ભારે ભાવમય બની ગઇ.

પોતાની જાતને જેમ તેમ કરીને સંભાળતાં એ બોલી : "તમે મિથિલાનગરીનો ઉલ્લેખ કર્યો એટલે મને મારાં માતાપિતાનું સ્મરણ થયું. એમનો મારા પરનો પ્રેમ કેટલો બધો અજબ હતો ! મિથિલાનાં સંસ્મરણો મારા સમગ્ર જીવન સાથે જડાઇ ગયાં છે. મિથિલાને જોયે અને એ માયાળુ માતાપિતાને મળ્યે કેટલો બધો વખત થયો ? મારા અને તમારા વનગમનના સમાચાર સાંભળીને એમને કોણ જાણે શુંનું

શું થઇ ગયું હશે! પરમજ્ઞાની હોવાથી મારા પિતાજી પોતાના મનને વશમાં રાખી શક્યા હશે તો પણ, એમને માટે એ સમાચાર વજ્રપાત જેવા તો થઇ જ પડ્યા હશે. જ્ઞાની અને અજ્ઞાની બન્ને દુઃખ અથવા વ્યથાનો અનુભવ તો કરતા હોય છે પરંતુ જ્ઞાની તેને બનતી સ્વસ્થતા તથા શાંતિપૂર્વક સહન કરે છે. અને અજ્ઞાની એથી અસ્થિર અથવા અશાંત બને છે. જે મોટો ભેદ છે તે એટલો જ છે."

(ક્રમશઃ)

## જોઇ રહું

વરસાદની ધારામહીં ભગવાનને જોઇ રહું,
આકાશના તારામહીં ભગવાનને જોઇ રહું.
સૂરજતણા ઉજાસમાં, ચાંદનીના પાસમાં,
અવધૂતની કો આશમાં, ભગવાનને જોઇ રહું.
માતાતણી મમતામહીં, બાળકતણા ચહેરામહીં,
ભક્તોની ભક્તિધૂનમાં, ભગવાનને જોઇ રહું.
સંતોતણી કરુણામહીં, ઉષાતણી અરુણામાં,
તરુણોતણી તરણાઇમાં, ભગવાનને જોઇ રહું.
દીનબંધુ આંખમાં ને કુરબાનીકેરી રાખમાં,
દાતાતણી સમદૃષ્ટિમાં, ભગવાનને જોઇ રહું.
સરિતાતણા પ્રવાહમાં, દર્દીઓની આહમાં,
પંખીતણા અવગાહમાં, ભગવાનને જોઇ રહું.
ફૂલડાંના સંગમાં, સાગરતણા ઉછંગમાં,
સંધ્યાતણા નવરંગમાં, ભગવાનને જોઇ રહું.

મધુરમ્

ત્રણ દિવસની

# ધ્યાન સાધના શિબિર

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જન્મદિન પંદરમી ઓગસ્ટ નિમિત્તે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં તા. ૧૩, ૧૪, ૧૫–ઓગસ્ટ, ૮૯ એમ ત્રણ દિવસની ધ્યાન સાધના શિબિર અમદાવાદ ખાતે યોજવામાં આવી રહી છે. શિબિરનું સ્થળ રહેશે મધુરિકા શાહ હૅાલ, ( કૅામર્સ કૅાલેજ પાછળ, ને માનવફ્લેટસ પાસે, ) નવરંગપુરા, અમદાવાદ-૯.

શિબિરાર્થીએ પોતાની સાથે આસન, સરલગીતા, શિવ-મહિમ્ન સ્તોત્ર, તથા વિષ્ણુસહસ્ર, તુલસીદલ અને પ્રેરક પ્રાર્થના સંગ્રહ ( આમાંથી જે પુસ્તકો હોય તે ) જરૂરથી સાથે લાવવાં. તે ઉપરાંત ચાદર, ઓસીકુ ને ઓઢવાનું લાવવું. ( જેમને ઉતરવાની પોતાની સ્વતંત્ર વ્યવસ્થા ન હોય, ને હોલમાં ઉતરવા માંગતા હોય તેઓએ.)

આ ત્રણ દિવસ દરમ્યાન જીવનની આધ્યાત્મિક સાધનાનો પાયો નંખાય–પાકો થાય તે સાધકની નેમ હોવી જોઇએ, ભેગા મળ્યા ને છુટા પડી ગયા, તેવુ ન થવું જોઇએ.

શિબિરમાં જોડાનારે કેટલીક સ્વૈચ્છિક શિસ્ત પાળવી આવશ્યક છે. સમૂહજીવનમાં સહજ રીતે ઊભી થતી કેટલીક અગવડો શાન્ત ચિત્તે ચલાવી લેતાં શીખવું જરૂરી છે; એ પણ એક તાલીમજ છે.

સવારે બને તેટલા વહેલા ઊઠી, શિબિરના કાર્યક્રમ પહેલાં પોતાની દૈનિક સાધના, નામજપ, સ્તુતિ, સ્તોત્રપાઠ, ધ્યાન કે માનસિક પૂજા કરી લેવાં.

શિબિરના આયોજકોની સૂચનાઓનો સહકારપૂર્વક અમલ કરવો, એ દરેક શિબિરાર્થીની પ્રાથમિક ફરજ બની રહે છે.

# જપ, ધ્યાન માટે માર્ગદર્શન

જપ માટે મધ્યરાત્રિ ને બ્રાહ્મમુહૂર્ત બન્ને સમય સારા છે. શરૂઆતનો સાધક રાત્રે ઊઠી ન શકે તો તેને માટે બ્રાહ્મમુહૂર્ત સારૂં છે. ત્રણ વાગ્યાથી પણ સારો સમય શરૂ થાય છે. જપ સાથે ધ્યાન પણ કરવું જોઈએ. તો પ્રગતિ સધાયાનો આનંદ મળે. વળી દરેક પળે તે જપ ને ધ્યાન કાયમ રાખવાનો અભ્યાસ કરવો જોઈએ. શૌચ જતાં પહેલાં મધરાતે પણ જપ થઇ શકે. હાથ મેં ધોઈ લેવાં. શરૂઆતમાં ચિત્ત સ્થિર ન થાય તો ધીરધીરે બોલીને જપ કરવા. ચિત્ત સ્થિર થતાં મૌન રાખી જપ કરવા. શરૂઆતમાં મોઢેથી બોલવું ઠીક છે. માળા સારી. આંખ સામે ઈશ્વરનું ધ્યાન કરવું. જપની શરૂઆતમાં કરૂણભાવે પ્રભુને પ્રાર્થના કરવી ને અંતમાં શાંત ચિત્તે માળા મૂકી દઈને એકલું ધ્યાન કરવું.

ધ્યાન વખતે દર્ભનું આસન હોય તો ઉપર લુગડું રાખવું. આસન સુંવાળું જોઇએ. પગે ખાલી ચડી જાય તો પગ બદલતા રહેવું. ત્રણ કલાક સુધી બેસવા અભ્યાસ કરવો.

સાધકે એક વસ્તુ સમજી લેવી કે જે વસ્તુ આપણને પ્રેમ, દયા, ઇશ્વરભાવ ને સત્ય તરફ લઇ જાય કે તે તરફ જવામાં મદદ કરે તે વસ્તુ જ ઊંચી છે એ વિનાની બીજી બધી વસ્તુઓ ખોટી સમજવી. એટલે આત્મા અને મનના અવાજ વચ્ચેનો ભેદ સમજવા માટે એ ધ્યાન રાખવું કે શુદ્ધ ને પવિત્ર મન જ સાચો અવાજ આપી શકે છે. અપવિત્ર મનમાં ઉચ્ચ આધ્યાત્મિક સ્પંદનો ગ્રહણ કરવાની શક્તિજ હોતી નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.